REGISTERED No. B. 156.

श्री

# જૈનધર્મ પ્રકાશ.

ये जीवेषु दयालवः स्पृशति यान् स्वल्पोपि न श्रीमदः
श्रांता ये न परोपकारकरणे हृष्यंति ये याचिताः ।
स्वस्थाः सत्स्वपि यौवनोदयमहाव्याधिप्रकोपेषु ये
ते लोकोत्तरचित्रचारुचरिताः श्रेष्ठाः कति स्युर्नराः ॥

"જે જીવોને વિષે દયાળુ છે, જેને દ્રવ્યનો મદ સ્વલ્પ પણ સ્પર્શ કરતો નથી, જે પરોપકાર કરવામાં થાકતા નથી, જે યાચના કર્યા સતા ખુશી થાય છે, યૌવનના ઉદયરૂપ મહાવ્યાધિનો પ્રકોપ થયે સતે પણ જે સ્વસ્થ રહે છે; એવા લોકોત્તર આશ્ચર્યકારી મનોહર ચરિત્રવાળા શ્રેષ્ટ કેટલાક જ મનુષ્યો હોય છે અર્થાત્ બહુ અલ્પ હોય છે."

સુક્તમુક્તાવલિ.

પુસ્તક ૨૮ મું. શ્રાવણ. સંવત્ ૧૯૬૮. શાકે ૧૮૩૪. અંક ૫ મો.

પ્રગટ કર્ત્તા.

શ્રી જૈનધર્મ પ્રસારક સભા. ભાવનગર.

अनुक्रमणिका.


| | | |
|---|---|---|
| ૧ | મૈત્રી ભાવના... | ૧૨૯ |
| ૨ | પ્રકીર્ણ વિચાર ... | ૧૩૦ |
| ૩ | ગૃહસ્થનાં કર્ત્તવ્યો. | ૧૩૫ |
| ૪ | અનધિક-હીનાક્ષર શ્રુત. | ૧૪૨ |
| ૫ | દશ અવતાર. | ૧૪૬ |
| ૬ | ગ્રંથાવલોકન. | ૧૫૧ |
| ૭ | વૈરાગ્યશતક. | ૧૫૮ |
| ૮ | ભાવનગરમાં દીક્ષામહોત્સવ... | ૧૬૦ |


શ્રી "સરસ્વતી" છાપખાનું—ભાવનગર.

મૂલ્ય રૂા. ૧) પોસ્ટેજ રૂા. ૦-૪-૦ ભેટ સાથે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અમારી સભા તરફથી છપાતા, છપાવાના ને તૈયાર થતા ગ્રંથો.

જૈનવર્ગમાં હજુ વાંચનનો શોખ બહુ અલ્પ છે તેમજ જ્ઞાનાભ્યાસ માત્ર નામનો છે અને તે સંબંધી ખર્ચ કરવાના અભિલાષીની સંખ્યા પણ બહુ ઓછી છે તેથી જો એક ગ્રંથ બે જગ્યાએ છપાય તો તેથી વિશેષ લાભ ન થતાં એક બીજો ગ્રંથ છપાતો અટકે. તેટલા માટે જે જે જૈન સંસ્થાઓ તરફથી ગ્રંથો પ્રગટ કરવાનું કામ ચાલે છે તેમણે પોતા તરફથી છપાતા કે છપાવાનાં ગ્રંથોનું લીસ્ટ આપવાની પ્રવૃત્તિ શરૂ કરી છે તે બહુ ઉપયોગી છે. અમે પણ તે હેતુ-થીજ આવી નોંધ આપ્યા કરીએ છીએ.

### હાલમાં છપાતા ગ્રંથો.

* ૧ શ્રી કર્મગ્રંથ ટીકા વિભાગ ૨ જો. (પાંચમો, છઠ્ઠો તથા સંસ્કૃત કર્મગ્રંથ)
શેઠ જીવણભાઇ જેચંદ તથા રતનજી વીરજી તરફથી.

* ૨ શ્રી પંચાશક ટીકા ( શ્રી હરિભદ્ર સુરિકૃત ૧૯ પંચાશક )
શેઠ સોભાગચંદ કપુરચંદ મુંબઈવાળા મારફત.

* ૩ શ્રી પરિશિષ્ટ પર્વ. સંસ્કૃત પદ્યબંધ ( શ્રી હેમચંદ્રાચાર્ય કૃત. )
બાબુ સાહેબ બુધસિંહજી બહાદુર તથા શેઠ વીરચંદ દીપચંદ તરફથી.

૪ શ્રી પઉમચરિયમ્ ( માગધી ગાથાબંધ પૂર્વાચાર્યકૃત-અપૂર્વ ગ્રંથ )
જે ગૃહસ્થ ઈચ્છા જણાવશે તેના તરફથી.

* ૫ શ્રી જ્ઞાનસાર (અષ્ટક) પન્યાસ ગંભીર વિજયજી કૃત ટીકા યુક્ત.
બેન રામબા આણંદજી તરફથી.

૬ શ્રી કમ્મપયડી ગ્રંથ શ્રીમલયગિરિજીકૃત ટીકા યુક્ત.
જે ગૃહસ્થ ઈચ્છા જણાવશે તેના તરફથી.

* ૭ પ્રમેયરત્નકોષ ( ન્યાયનો અપૂર્વ ગ્રંથ )
શા. ઝવેરભાઇ ભાઈચંદ ભાવનગરવાળા તરફથી.

૮ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર સંસ્કૃત ગદ્યબંધ.
પન્યાસ ચતુરવિજયજી મારફત એક ગૃહસ્થ તરફથી

* ૯ શ્રી ધનપાળ પંચાશિકા સાર્થ તથા તીર્થોના કલ્પો સાર્થ.
શ્રી જૈનધર્મ પ્રકાશના ગ્રાહકો માટે. સભા તરફથી.

### તૈયાર થયેલા તથા થતા ગ્રંથો.

૧૦ શ્રી અધ્યાત્મસાર ગ્રંથ. પન્યાસ ગંભીર વિજયજી કૃત ટીકા યુક્ત.

૧૧ શ્રી અધ્યાત્મસાર સટીકનું ભાષાંતર.

૧૨ શ્રી કુવલયમાળા ભાષાંતર ( ઘણી રસીક ને ચમત્કારિક કથા )

૧૩ શ્રી ઉપદેશપ્રાસાદ ગ્રંથ મૂળ સ્થંભ ૧-૬

૧૪ શ્રી આનંદઘનજી કૃત ૫૦ પદો વિવેચન યુક્ત.

૧૫ શ્રી ઉપમિતિ ભવ પ્રપંચ ભાષાંતર.

---

* આવા નીશાનીવાળા ગ્રંથો થોડા વખતમાં બહાર પડશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैन धर्म प्रकाश.

तत्र च गृहस्थैः सद्भिः परिहर्तव्योऽकल्याणमित्रयोगः, सेवितव्यानि कल्याणमित्राणि, न लङ्घनीयोचितस्थितिः, अपेक्षितव्यो लोकमार्गः, माननीया गुरुसंहतिः, भवितव्यमेतत्तंत्रैः, प्रवर्तितव्यं दानादौ, कर्तव्योदारपूजा भगवतां, निरूपणीयः साधुविशेषः, श्रोतव्यं विधिना धर्मशास्त्रं, भावनीयं महायत्नेन, अनुष्ठेयस्तदर्थो विधानेन, अवलम्बनीयं धैर्यं, पर्यालोचनयायतिः, अवलोकनीयो मृत्युः, भवितव्यं परलोकप्रधानैः, सेवितव्यो गुरुजनः, कर्तव्यं योगपट्टदर्शनं, स्थापनीयं तद्रूपादि मानसे, निरूपयितव्या धारणा, परिहर्तव्यो विक्षेपमार्गः, प्रयतितव्यं योगशुद्धौ, कारयितव्यं भगवद्भुवनबिम्बादिकं, लेखनीयं भुवनेशवचनं, कर्तव्यो मङ्गलजपः, प्रतिपत्तव्यं चतुःशरणं, गर्हितव्यानि दुष्कृतानि, अनुमोदयितव्यं कुशलं, पूजनीया मंत्रदेवताः, श्रोतव्यानि सच्चेष्टितानि, भावनीयमौदार्यं, वर्त्तितव्यमुत्तमज्ञानेन, ततो भविष्यति भवतां साधुधर्मानुष्ठानभाजनता ॥ उपमितिभवप्रपञ्चा कथा.

પુસ્તક ૨૮ મું. શ્રાવણ. સં. ૧૯૬૮. શાકે ૧૮૩૪. અંક ૫ મો.

ॐ अर्हं नमस्तत्त्वज्ञाय.

## एकत्व भावना.

રાગ—આશાગોડી.

'કામ છે દુષ્ટ વિકારી, અહો પ્રભુ૦' એ રાગ.

આવ્યો જીવ એકાકી, જવું એકલું મુકીને બાકી. એ ટેક.

મધુ સંચય કરી દાન ન દીધું, ખાધું ન, રાખ્યું બાકી;<br>
લુંટનારે પછી લુંટી લીધું, પગ ઘસતી રહી માખી. જવું૦ ૧.<br>
સ્વજન સબંધી કોઇ ન સાથી, પુણ્ય પાપ હોય સાખી;<br>
સુખ દુઃખ સહે જીવ એકાકી, લે નહીં માવિત્ર કાકી. જવું૦ ૨.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરણી[1] હેતેલીસી વળે વ્હેલી, સ્વજન સર્વાં વળે થાકી;
કાયા ખોરી બાળે, જીવને, કર્મ જાય લઈ હાંકી. જવું૦ ૩.
રણભૂમિમાં લાખ જીવ સંહારી, સર કરી[2] વસુમતિ[3] આખી;
હરિ[4] ચક્રી એકાકી પરભવ, ચાલ્યા પૃથ્વી પાખી.[5] જવું૦ ૪
શ્રીપતિ ભૂપતિ કંઇક ગયા પણ, રિધસિધ રહી અહીં બાકી;
ખાલી હાથ ખંખેરી ગયા કઈ, કંઇક ગયા ધૂળ ફાકી. જવું૦ ૫.
અભિમાની રાવણ ન રહ્યો જગ, કિરતિ રામે રાખી;
અવસર આવ્યે જવું એકલું, કાળ ફાળ દે તાકી. જવું૦ ૬.
મિથિલાપતિ નમિરાજ[6] વલય જોઇ, ત્યાગી થયો એકાકી;
લલહુર ભાવના ભવિજન કાજે, સાંકળચંદે ભાખી. જવું૦ ૭

---

# પ્રકીર્ણ વિચાર.

( લેખક–સન્મિત્ર કર્પૂરવિજયજી )

## આપણી ચાલુ સ્થિતિમાં સુધારો કરવાની ખાસ જરૂર.

કેળવણી—શારીર સંબંધી, નીતિ સંબંધી, અને ધર્મ સંબંધી સારા પાય ઉપર સંગીન શિક્ષણ હરેક વ્યક્તિને આપવું એ અત્યંત જરૂરનું છે. કારણકે આપણે પ્રગટ જોઇએ છીએ તેમ આપણામાં શરીરબળ, નીતિબળ અને ધર્મબળ દિન દિન ઘટતું ચાલ્યું જાય છે. બીજા શબ્દમાં બોલિયે તો આપણે ગમે તે અનિષ્ટ પરિણામવાળાં કારણોવડે પ્રતિદિન શરીર સંપત્તિમાં, ન્યાય–નીતિના ક્ષેત્રમાં તેમજ તાત્ત્વિક ધર્મ પ્રાપ્તિમાં પાછળ પડતા જઇયે છીએ; એટલે કે આપણે આપણા મનુષ્ય જીવનને સાર્થક કરવા ખાસ જરૂરનાં શરીરબળ, નીતિબળ અને ધર્મબળને નિયમિતપણે પ્રાપ્ત કરી વધારવાને બદલે દિનદિન તેનાથી વેગળા જઈ નિર્બળ બનતા જઇયે છીએ. આવું અનિષ્ટ પરિણામ આવવાનું અને ટકી રહેવાનું તેમજ તેમાં દિનદિન વૃદ્ધિ થવાનું મુખ્ય કારણ આપણી પરિસ્થિતિ સંબંધી આપણું અત્યંત અજ્ઞાનપણું અને તેને લીધે આપણું લક્ષ બહારનું વર્તન એ છે. બીજા શબ્દમાં બોલિયે તો આપણી બગડતી જતી સ્થિતિ

---

૧ સ્ત્રી. ૨ તાબે કરી. ૩ પૃથ્વી. ૪ વાસુદેવ. ૫ પૃથ્વી વિના–પૃથ્વીને અહીં છંડીને. ૬ પ્રત્યેકબુદ્ધ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખરૂં કારણ શું છે ? તે સંબંધી આપણે તદ્દન અજ્ઞાતજ રહિયે છીએ, અને ખરા જ્ઞાની મહાત્માના વચન પ્રમાણે નહિં પરંતુ એથી ઉલટા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને લક્ષમાં લીધા વગર આપ ઈચ્છાએ પ્રાયઃ પ્રતિકૂળ વર્તન કરીયે છીએ. આ કારણથી આપણી અનિષ્ટ સ્થિતિ સુધરવાને બદલે દિનદિન બગડતી જતી જોવામાં આવે છે એ અત્યંત ખેદકારક બીના છે. જ્યારે ન્હાની મ્હોટી બીજી બધી કોમો સવેળા જાગૃત થઇ પોતપોતાની કોમમાં પડેલા **સડા** દૂર કરવા અને તેને ઉન્નતિના ક્રમમાં ગોઠવવા ચાંપતા ઇલાજ લે છે, ત્યારે એક જૈન જેવી માતબર કોમ તે સંબંધમાં કંઈપણ જીવ સરખું ન કરે અને કેવળ અખાડા જ કર્યા કરે એ શું ઓછું શરમાવા જેવું છે ? હા હા ! ! બહુજ. દરેક કોમમાં તેના હિતાહિત માટે મુખ્યત્વે કરી જવાબદાર તરીકે તેના અગ્રગણ્ય આગેવાનોને જ ગણવામાં આવે છે. એ જો કે સાચું છે તોપણ દરેક કોમની ઉન્નતિ કે અવનતિનો નિર્ણય તો તે તે કોમના પ્રાયઃ પ્રત્યેક જનના સારા કે માઠા આચાર અને વિચાર ઉપર જ અવલંબી રહે છે, એ કંઈ ઓછા મહત્ત્વની વાત નથી.

જો કોઇ પણ કોમે અવનતિના ખાડામાંથી પોતાનો ઉદ્ધાર કરવો જ હોય અને ઉન્નતિના મુખ્ય માર્ગ ઉપર ચઢવું જ હોય તો તે કોમના અગ્રગણ્ય-આગેવાન વિદ્વાન સાધુઓએ તેમજ ગૃહસ્થોએ એકમના થઇ પોતાની કોમ જે જે અનિષ્ટ કારણોને લીધે અવનતિના ઊંડા ખાડામાં ગબડી પડી હોય અથવા તો ગબડી પડતી જણાતી હોય તે તે કારણોને બારીકીથી શોધી કાઢીને વિલંબ વગર તે તે અનિષ્ટ કારણોને દૂર કરવા બુદ્ધિ-વૈભવનો પોતપોતાથી બને તેટલો ખંતથી ઉપયોગ કરવો જોઇએ. તેમજ તે પરોપકાર રસિક અગ્રગણ્ય જનોના ઉત્તમ આચાર વિચારને અવલંબી કોમનું હિત-શ્રેય ઇચ્છનાર કોમના બીજા બધા સુજ્ઞ જનોએ તત્કાળ તેમના પનોતે પગલે પ્રીતિપૂર્વક ચાલવું જ જોઇએ.

**કેળવણીનાં ખરાં સાધન**—શરીર સંબંધી, નીતિ સંબંધી તેમજ ધર્મ સંબંધી કેળવણીની બીજ રૂપ શરૂઆત જન્મ થયા અગાઉ તેમજ જન્મ થયા પછી બચપણમાં મુખ્યપણે માતાથી જ અને ગૌણપણે પાલન કરનાર પિતાદિક વડીલ વર્ગ પ્રમુખ પરિવારથી થાય છે. મતલબ કે માતા પિતાદિક અતિ નિકટના સંબંધી જનોવડે બાળ-બચ્ચાંઓની ઉક્ત કેળવણીનાં બીજ વવાય છે. જો માતપિતાદિક પોતે જ શુભ સંસ્કારી હોય એટલે કેળવણી પામેલાં અને તેનાં ઉત્તમ ફળને સમજનારાં હોય તો તેથી પોતાનાં બાળ બચ્ચાંને યોગ્ય રીતે કેળવવામાં લગારે ગફલત ન કરતાં જેમ તેમનું ભવિષ્ય સુધરે તેમ ઊંડી કાળજી રાખી સ્વસુખના ભોગે પણ તેમને કેળવવા માટે સદોદિત પ્રયાસ કરે. અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમ થાય તો બાલપણમાંજ, માતપિતાદિક સાનુકૂળ સંબંધથી મળેલી અવસર ઉચિત કેળવણીથી અલ્પ પ્રયાસે તે બાળબચ્ચાં શુભ સંસ્કારી બની આગળ ઉપર તેવાજ સાનુકૂળ શુભ સંયોગને પામી પોતાનું ભવિષ્ય જરૂર સુધારી શકે છે. એટલે બચપણમાં બીજરૂપે વવાયેલી કેળવણી અનુક્રમે શુભ સિંચનયોગે ઉત્તમ ફળ આપે. ઉક્ત કથનનું ફલિતાર્થ એ છે કે પ્રથમ તો બાળ બચ્ચાંને પેદા કરનાર અથવા તેમનું રક્ષણ કરનાર માતપિતાદિક સહુ એવી સારી રીતે કેળવાવાં જોઇએ કે તેઓ સંતોષવૃત્તિથી સ્વવીર્ય પ્રમુખનું સંરક્ષણ કરીને પોતાનું શરીર–આરોગ્ય ઉત્તમ પ્રમાણમાં જાળવી શકે; પરંતુ વિવિધ વિષય વાસનાને વશ થઈ સ્વવીર્ય પ્રમુખનો નકામો વિનાશ કરી નાંખી નિર્બળ, નિર્માલ્ય અને કેવળ રોગિલાં થઈ ન જાય; કેમકે નિર્બળ, નિર્માલ્ય અને રોગિલાં માબાપથી જન્મેલાં બાળકો પ્રાયઃ તેવાંજ બળવગરનાં, નમાલાં અને રોગિલાંજ નીપજી શકે છે. પોતાનું અને પોતાની થનારી સંતતિનું ભલું ઇચ્છનારા માબાપ પ્રમુખ હિતૈષી વર્ગે આ વાત ખૂબ લક્ષમાં રાખવા લાયક છે. એ ઉપરાંત અન્ય આચાર વિચારમાં પણ એમણે અધિક કાળજી રાખવાની ઘણી જરૂર છે.

આપણે ઉપર કહી ગયા તેમ બાળકો બચપણમાં તેમના નિર્દોષ–નિરૂપાધિક–શુદ્ધ સરલ અંતઃકરણને લીધે જો આસપાસના સંયોગો શ્રેષ્ઠ હોય તો અલ્પ સમયમાં અલ્પ પ્રયાસે બહુજ સારૂં શિખી શકે છે; કેમકે તેમને તેવું અવલોકન કરવાની સ્વાભાવિક રીતે ઘણી સારી ટેવ હોય છે; પરંતુ જો કમનશીબે તેમની આસપાસના સંયોગો ખોટા હોય અને જો તે નિર્દોષ–નિરપરાધી–સરલ શુદ્ધ અંતઃકરણનાં બાળકોને વારંવાર નકામા બ્હીવડાવવામાં આવે, તેમને નાહક ધમકીઓ આપવામાં આવે, શત્રુઓની જેમ તેમને ખોટો ત્રાસ આપવામાં આવે, તેમને ગાળો ભાંડવામાં આવે અને કષાયને વશ થઈ તેવાં નિર્દોષ બાળકોને કેવળ મૂર્ખની પેરે માર મારવામાં આવે અને એવો અનેક પ્રકારનો જૂલમ ગુજારી તે બાપડાં નિરાધાર બચ્ચાંઓને ત્રાહી ત્રાહી પોકરાવવામાં આવે તો તેમને જન્મ આપનારાં અને પાલન પોષણ કરનારાં માબાપ પ્રમુખ બધાં તે નિર્દોષ બાળકોનું જરાપણ હિત કરવાને બદલે ઉલટા તેમના કટ્ટા શત્રુનીપેરે તેમનું અહિતજ કર્તા નીવડે છે. એટલે તેવાં અણુઘડ માબાપ વિગેરે તેમનાં બાળ બચ્ચાંને શત્રુની જ ગરજ સારે છે. જે બાળકો આવા વિષમ સંયોગોમાં ઉછરેલાં હોય છે તેમના પાછળથી ઘણા માઠા હાલ થાય છે. તેમનું ભવિષ્યનું પરિણામ તપાસતાં ઉપર કહેલી વાતની સહુ કોઇને ખાત્રી થઈ શકશે. જો કે માબાપ વિગેરે વડીલ વર્ગ પોતાનાં બાળ બચ્ચાંનું કેમ ભલું થાય એમ અંતરથી તો ઇચ્છતા હોવાજ જોઇએ; પરંતુ તદ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નુસારે તે બાળ બચ્ચાં પ્રત્યે જોઇએ એવી કાળજી નહિ રાખતાં બેદરકારી બતાવવાથી પોતાનાં બાળબચ્ચાં સારી રીતે સુધરીને ભવિષ્યમાં રત્ન જેવાં નિવડે, તેવી સમયોચિત કેળવણી આપવાની સંભાળ રાખવાને બદલે તેમને ગાળો ભાંડી, અસભ્ય વચનો શિખવાડી, વારંવાર નકામા ડારા બતાવી, તેમની જાતિ હિંમતને તોડી પાડી, અથવા વિષય કષાયને વશ થઈ તેમને રોતાં રડવડતાં રખડતાં મેલી, તેમને પજવી, કે માર મારી નાહક નિભરા કે રીસાળ બનાવી મૂકવાથી તે નિ-રાધાર નિરપરાધી બચ્ચાં બચપણમાં શુભ સંસ્કારોથી બેનશીબ રહે છે અને તેથી બાળકોનો સાચું શિક્ષણ શિખવાનો અમૂલ્ય વખત નકામો જાય છે; તેનો ખ્યાલ સરખો પણ મૂર્ખ માબાપોના મનમાં આવતો નથી. તે માબાપ વિગેરે વડીલ વર્ગ પોતાના ઉગતા છોડને એટલો બધો અન્યાય આપે છે કે જે લખી શકાતો નથી. જે સહૃદય જનો બારીકીથી આ બાબતમાં અવલોકન કરતા હશે તેમને જાતિ અનુભવ થયો હશે કે અત્યારે ભારતવર્ષમાં સેંકડે નવાણું ટકા માબાપ વિગેરે વડીલ વર્ગ બાળબચ્ચાંની બચપણની કેળવણીની રીતથી કેવળ અજ્ઞાત હોય છે. હવે વિચારવું જોઇએ કે બુજ વગરના કેવળ અણઘડ માબાપો પશુઓની પેરે પાશવવૃત્તિથી સંખ્યાબંધ બાળબચ્ચાંઓ પેદા કરે પરંતુ તેમને ખરે અવસરે જોઇએ તેમ લગારે કેળવણી ન આપે ત્યારે તેવા બાળબચ્ચાંથી તેમનું, તેમની સંતતિનું, કુટુંબનું, જ્ઞાતિનું, કોમનું, કે સમાજનું શ્રેય શી રીતે થઈ શકે? ન જ થઈ શકે. આમ હોવાથી જ કેળવણીના ખરા હિમાયતી જનો પોકારી પોકારીને કહે છે કે તમે પ્રથમ માતાઓને ખાસ કેળવો. માતા જો કેળવણીનો રસ–સ્વાદ જાણતી હશે તો તેની ગોદમાં દિન રાત આળોટતા બાળકને તે માતા પોતાની કેળવણીનો શુભ રસ–સ્વાદ જરૂર ચખાડશે. અને **બચપણ-માં જ જે બાળકને માતપિતાદિક પોતાના વડીલ વર્ગ તરફથી ઉત્તમ કેળવણીનું અમૃતપાન મળ્યું હશે, તે બાળક ભવિષ્યમાં એક અદ્-ભૂત રત્ન પાકશે. આવાં ઉત્તમ રત્નોવડે જ આપણી ઉન્નતિ થઈ શકશે.** એ વાત જો ગળે ઉતરતી હોય તો વર્તમાન સમયના માબાપોએ પોતાનાં નિર્દોષ બાળબચ્ચાંને નાહક સંતાપવાને બદલે તેમને સુધારવા માટે ખૂબ સંભાળ રાખવાની જરૂર છે. તેમનું શરીર નિરોગિલું રહે તેવું પથ્ય ખાનપાન આપવાવડે, તે સારાં સભ્ય અમૃત વચન બોલતું થાય એવાં સારાં સભ્ય અમૃત ઉપદેશ વચન સંભળાવવાવડે અને તેમનું ચિત્ત ( મન ) સુપ્રસન્ન રહે તેટલા માટે તેમની દરેક શુભ ઇચ્છાને યોગ્ય ઉત્તેજન આપવાવડે ( કદાચ કંઈક વિપરીત ઇચ્છા થયેલી જણાય તો તે યુક્તિવડે સમજાવી ફોસલાવી સુધારવાવડે ) પોતાનાં વ્હાલાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાળબચ્ચાંને બધી રીતે કેળવવા ઓછી સાવધતા રાખવાની જરૂર નથી. બહુ સાવધાન રહી જે પોતાનાં બાળબચ્ચાંને સારી રીતે કેળવી શકે છે તે તેમને ભવિષ્યમાં રત્ન જેવાં અમૂલ્ય થયેલાં જોઈ પોતાની આંખો ઠારી શકે છે, અને બીજા પણ બહુ પ્રકારના લાભ એ ઉત્તમ કેળવણીનાં પ્રતાપે થયેલા પોતે અનુભવી શકે છે. પોતાનાં નિર્દોષ બાળકોને ઉત્તમ રીતે બચપણથી જ કેળવવાની બુઝ અને શક્તિ જેમને પ્રાપ્ત થયેલી ન હોય તેવાં અણઘડ કાટલાં પોતે માબાપ થવાને એટલે બાળબચ્ચાંને પેદા કરવાને અને તેમનું પાલન કરવાને બીલકુલ લાયક જ નથી. જે પોતે બાળબચ્ચાંને જન્મ આપીને તેનું યોગ્ય રીતે ( કેળવણી આપી ) પાલન પોષણ કરવા કેવળ અશક્ત છે, તે જો કોઇ રીતે તેમનાં બાળબચ્ચાં બચપણથીજ જ્યાં સારી રીતે સઘળી બાબતની જરૂર પડતી કેળવણી મેળવી શકે ત્યાં તેમને જરૂર પૂરતી કેળવણી લેવા દે તો તે પક્ષ પણ રૂડો લેખાય તેવો છે. તેમ પણ નહિ કરતાં જેઓ બેદરકારીથી બચ્ચાંઓની જીંદગી બગડે તેવું કરે છે તેઓ તો કેવળ પશુઓની પેરે પોતાનું જીવન પૂરૂંજ કરવા જીવે છે એમ માનવું યુક્ત જણાય છે.

હવે સારા નશીબે જેમને મૂળથી જ માતપિતાદિક શુભ સંસ્કારવાળો સંયોગ મળી આવેલ હોય છે, એવાં ભાગ્યશાળી બાળબચ્ચાંઓની હૃદય ભૂમિમાં શરૂઆતથી જ શુભ કેળવણીનાં બીજ વવાય છે અને તેને અનુક્રમે શુભ સંસ્કારવંત પાળક, મિત્રો તથા વ્યવહારિક અને ધાર્મિક શિક્ષકાદિદ્વારા ઉત્તમ શિક્ષણ રૂપ અમૃતસિંચન મળે છે, જેથી તેઓ નીતિના નમુના રૂપ અને ધર્મપ્રિય બને છે. આ બધો પ્રભાવ કેળવણીનો જ જાણવો. જ્યાં સુધી બાળબચ્ચાં કંઇક સમજણાં થાય અને યોગ્ય ઉમરનાં થાય ત્યાં સુધી તે ખોટી સોબતમાં ચડી ખરાબ થઇ ન જાય તેટલા માટે તેમનાં માબાપોએ કે તેમનું પાલન કરનારાઓએ ખાસ કરીને દેખરેખ રાખવી જોઇએ એટલું જ નહિ પરંતુ અવારનવાર તેમને ગમ્મત સાથે જ્ઞાન મળે એવા નીતિના ટુચકા શિખવવા જોઇએ; તેમજ તેમને પ્રિય મધુર અને સભ્ય સત્ય વચન બોલતાં, સહુ સાથે મીલનસારપણે વર્તતાં, કંઈપણ જાતની અનીતિથી દૂર રહેતાં અને જેમ બને તેમ બહુજ સુશીલ થતાં સારાં સારાં દૃષ્ટાંત દઇને પૂર્ણ કાળજીથી શિખવવું જોઈએ. બાળ–કોમળ વયમાં તેમને સારી રીતે કેળવવામાં જેટલી ખંત રાખવામાં આવે તેટલી ઓછી સમજવાની છે. કેમકે તે કુમળા છોડવાને કેળવવા જેટલી મહેનત સવેળા લેવામાં આવે છે તે બધી બહુધા સાર્થક જ થાય છે. બચપણમાંથી જે શુભ સંસ્કારો તેમનામાં પડે છે તે એવા ચિરસ્થાયી (ટકાઉ) બને છે કે તે પ્રાયઃ કદાપિ ભુંસાઇ જતા નથી. તેવાં સુશીલ પ્રસન્ન બાળકોને દેખી દુશ્મનનું પણ દીલ ઠરે છે. દેશ કાળ ભાવ પ્રમાણે કેળવાયેલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિર્દોષ બાળકો પ્રેમાળ, સાદાં, વિનીત, નીતિવંત અને ધર્મપ્રિય બનવાથી સહુને પરાણે વહાલાં લાગે છે. આગળ ઉપર તેમને જેમજેમ સમયોચિત વ્યવહારિક, નૈતિક અને ધાર્મિક શિક્ષણ અધિકાધિક પ્રમાણમાં મળે છે, તેમ તેમ તેમનામાં તથાપ્રકારની પાત્રતા હોવાથી તે શિક્ષણ શુભ પરિણામને પામે છે. જેમ ઘડારી મઠારીને તૈયાર કરેલી આરિસા જેવી શુદ્ધ ભીંત ઉપર જે ઉત્તમ ચિત્ર પાડવામાં આવે છે તે આબેહુબ ખીલી નીકળે છે; અથવા સારી રીતે ધોઇને સાફ નિર્મળ કરેલા વસ્ત્ર ઉપર જે ખરો સુંદર રંગ ચઢાવવામાં આવે છે તે બરાબર ચળકી ઉઠે છે, તેમ નિર્દોષ મનના શુભ સંસ્કારવાળા બાળકોને જે સમયોચિત વ્યવહારિક, નૈતિક અને ધાર્મિક શિક્ષણ કાળજીપૂર્વક આપવામાં આવે છે તેનું ઘણુંજ રૂડું પરિણમન થાય છે. તેથી તે બાળકો અનુક્રમે યૌવન વય પામી પોતાના ઉત્તમ વર્તનવડે પોતાની, પોતાના કુટુંબની, જ્ઞાતિની, કોમની તથા આખા જનસમાજની પણ ઉન્નતિ સાધવા સમર્થ થઇ શકે છે. કેમકે તેઓ સમયોચિત શિક્ષણના પ્રભાવે ચંચળ–પ્રમાદ રહિત, પરગજુ ( પરોપકારશીલ ), સ્વાર્થત્યાગી અને કર્તવ્યપરાયણ બને છે, અને એવા ઉચ્ચ વર્તનથી તેઓ પોતાનું અને પરનું હિત સુખે કરી શકે છે. આ લોકમાં સુખ, યશ, પ્રતિષ્ઠાદિક પામી પરલોકમાં ઉચ્ચ અધિકાર પ્રાપ્ત કરે છે તથા છેવટ અન્ય જનોને પણ ઉચ્ચ દૃષ્ટાંત રૂપ થાય છે. ઇતિ શમ્.

# गृहस्थनां कर्त्तव्यो.

( અનુસંધાન પૃષ્ઠ ૫૧ થી )

સાધુધર્મની યોગ્યતા મેળવનારને માટે સત્તાવીશમું વાંકય **गर्हितव्यानि दुष्कृतानि** દુષ્કૃત્યોની ગર્હણા ( નિંદા ) કરવી એ કહેલું છે. આમાં છવીશમું સત્તાવીશમું ને અઠ્ઠાવીશમું વાકય જે કહેલ છે તે આરાધના પ્રકરણમાં મોક્ષમાર્ગની આરાધના માટે જે દશ પ્રકાર બતાવેલા છે તે પૈકીના છે. તેની અંદર પણ ચાર શરણ અંગિકાર કરવા, દુષ્કૃત્યોની નિંદા કરવી અને સુકૃતોની અનુમોદના કરવી–આ ત્રણ પ્રકારો બતાવેલા છે. આની અંદર પણ એજ પ્રમાણે એક સાથે ત્રણ વાકયો છે. એટલા ઉપરથી એ કર્તવ્યોની કેટલી આવશ્યકતા છે તે સમજી શકાય છે. દુષ્કૃત્યોની નિંદા કરવાનું ખાસ કારણ એ છે કે તેની વારં-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાર નિંદા કરવાથી તેનાપર અભાવ આવે છે, અને તેના પરની તીરસ્કારની ધારણા દૃઢ થાય છે, તેથી તેવો પ્રસંગ પ્રાપ્ત થાય ત્યારે તે કરવાથી મન પાછું હઠે છે, કરી શકાતા નથી, કરવાને મન પણ વધતું નથી. આ એનું રહસ્ય છે. આ પ્રાણીએ આ ભવમાં અને પાછલા ભવોમાં જુદા જુદા અનેક પ્રસંગોને લઇને અનેક પ્રકારનાં પાપકર્મો કરેલાં છે કે જેનું વર્ણન કરતાં પાર આવે તેમ નથી, તોપણ તેમાંના કેટલાક પાપકર્મ ખાસ લક્ષમાં લેવા જેવાં છે. આ ભવમાં કે પરભવમાં જીવહિંસા કરી હોય, અસત્ય ભાષણ કર્યું હોય, ચોરી કરી હોય, મૈથુન સેવ્યું હોય, પરિગ્રહની મૂર્છા કરી હોય, પરિગ્રહ મેળવવા માટે અનેક પ્રકારના પાપારંભ-કર્માદાન વ્યાપારાદિ કર્યા હોય, ઇંદ્રીઓના વિષયની પુષ્ટિ માટે અભક્ષ્ય ભક્ષણાદિ અનેક પ્રકારના દુષ્કૃત્યો આચર્યા હોય, ઉત્સૂત્ર પ્રરૂપણા કરી હોય, અનેક પ્રકારના અધિકરણો મેળવ્યા હોય કે જેનાવડે કાયમ જીવહિંસા થયા જ કરે, ઉપરાંત ચારે કષાય કર્યા હોય ને કરાવ્યા હોય. કોઇને કલંક આપીને, કોઇની ચાડી ખાઇને, કોઇની નિંદા કરીને તેમને ખેદ ઉપજાવ્યો હોય, મર્મઘાત કર્યો હોય, પ્રાણઘાત કરી નાખે તેવી સ્થિતિએ પહોંચાડયા હોય, કોઇ ઉપરના રાગથી અને કોઈ ઉપરના દ્વેષથી અઘટિત આચરણાઓ કરી હોય, તેવાજ કારણથી જુદા જુદા પ્રકારના કલહો ઉત્પન્ન કર્યા હોય, સુખમાં નિમગ્ન અને દુઃખમાં ઉદ્વિગ્ન થઈ પાપકાર્યમાં પ્રવૃત્તિ કરી હોય, અનેક પ્રકારની માયા કેળવી અસત્ય બોલી કેકને છેતર્યા હોય, મિથ્યાત્વના કારણો સેવ્યા હોય, કુદેવ કુગુરૂ ને કુધર્મને સુદેવ સુગુરૂ ને સુધર્મની બુદ્ધિએ આરાધ્યા હોય, સુદેવ સુગુરૂ ને સુધર્મની ઉપર અભાવ આણ્યો હોય, તેનો તીરસ્કાર કર્યો હોય, અવગણના કરી હોય, અરૂચિ ઉપજાવી હોય—એમ અનેક પ્રકારોવડે અઢારે પાપસ્થાનકો સેવ્યા હોય, પાપકર્મવડે પરિવારની પોષણા કરી હોય, પાપ કરીને આનંદ માન્યો હોય, પાપકાર્યને કર્તવ્ય તરીકે ગણ્યું હોય ને બીજાને તેમ સમજાવવા પ્રયત્ન કર્યો હોય, પાપશાસ્ત્રનો અભ્યાસ કરી તેના ઉપદેશવડે અનેક જીવોને પાપકાર્યમાં પ્રવૃત્તિ કરાવી હોય, અનેક-અસંખ્ય-અનંત જીવોની વિરાધના કે હિંસાવાળા કાર્યની શરૂઆત કરી હોય, તેની આવશ્યકતા સમજાવવા અને તેનાવડે ઉન્નતિ થવાનું મનાવવા પ્રયત્ન કર્યા હોય, કરાવ્યા હોય, કરનારને ઉત્તેજન આપ્યું હોય-તેની પ્રશંસા કે અનુમોદના કરી હોય-તે સર્વને સંભારી સંભારીને તેની નિંદા કરવી, તેનો પશ્ચાત્તાપ કરવો, હવે પછી તે પ્રકારના દુષ્કૃત્યો ન કરવાનો મનમાં નિશ્ચય કરવો. આ સાધુ ધર્મની યોગ્યતા મેળવવાને ઇચ્છનારા ગૃહસ્થનું ખાસ કર્ત્તવ્ય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ કર્તવ્ય કરવાથીજ પાપથી પાછા ઓસરાય છે અને સત્કાર્યમાં આગળ વધી શકાય છે.

ત્યાર પછી અઠ્ઠાવીશમું વાક્ય **अनुमोदयितव्यं कुशलं** કુશળ કે૦ સારાં કાર્યો તેની અનુમોદના કરવી એ કહેલું છે. આ વાક્યમાં બતાવેલા કર્તવ્યની પણ ઉપરના વાક્ય જેટલીજ આવશ્યકતા છે બલ્કે તેથી વધારે પણ છે. આ કર્તવ્યની આચરણા કરતાં પહેલાં કુશળ કર્મ–સત્કાર્ય–સુકૃત્ય કેને કહેવાં તે સમજવાની જરૂર છે. શાસ્ત્રકારે ખાસ સત્કાર્યો આ પ્રમાણેનાં બતાવ્યાં છે. દેવદર્શન ને જિનપૂજા દરરોજ કરવી, જિનચૈત્યો કરાવવાં, નવા બિંબો ભરાવવાં, રથયાત્રાદિ મહોત્સવો કરવા, સામાયિક પૌષધ પ્રતિક્રમણાદિ ક્રિયામાં સાવધાન રહેવું, યથાશક્તિ તપસ્યા કરવી, સતત્ જ્ઞાનાભ્યાસ કરવો, જ્ઞાનનાં સાધનો વધારવાં, તીર્થયાત્રા કરવી, દરરોજ ગુરૂવંદન કરવું, ધર્મશાસ્ત્ર સાંભળવું, સાધુ સાધ્વીની ભક્તિ કરવી, શ્રાવક શ્રાવિકાનું બહુમાન કરવું, તેમની સંભાળ લેવી, તેમને સીદાવા ન દેવા, સ્વામીવત્સલો કરવાં, સુપાત્ર દાન દેવા માટે અહર્નિશ તત્પર રહેવું, અનુકંપાદાન અવશ્ય આપવું, બ્રહ્મચર્ય સર્વથા પાળવું અથવા સ્વદારા સંતોષી થવું, ઉત્તમ ભાવનાઓ ભાવવી, સારી સારી વિચારણાઓ કરવી, શાસનોન્નતિના ને આત્મોન્નતિના કાર્યો કરવામાં મન, વચન ને કાયાના છતા બળ વીર્યને ફોરવવું, પરોપકાર પરાયણ થવું, લોકપ્રિયતા મેળવવી, સમકિતની વિશુદ્ધિ થાય તેવો પ્રયત્ન કર્યા કરવો, પર્વ તિથિને ઓળખી તેના આરાધનમાં પ્રવૃત્તિ કરવી, અનેક પ્રકારના વ્રત નિયમો કરી આત્માને ઉન્નત સ્થિતિએ પહોંચાડવો, વિષય કષાયની વૃત્તિ જેમ મંદ પડે તેમ કરીને સત્કાર્યની પુષ્ટિ કરવી, ઇત્યાદિ અનેક પ્રકારો સત્કાર્ય તરીકે શાસ્ત્રકારે ઓળખાવેલા છે. તેમાંથી આ ભવમાં કે પરભવમાં પોતે જે આદર્યા હોય તેને સંભારી સંભારીને તે તે કાર્યોની અનુમોદના કરવી. જે કાર્યો ન કરી શકાણા હોય તે કરવાની વૃત્તિને સતેજ કરવી. પૂર્વે કરેલાં સત્કાર્યોની વારંવાર અનુમોદના કરવાથી તેવાં કાર્યો કરવાની વૃત્તિ જાગૃત થાય છે, તેથી તેવાં કાર્યો સવિશેષે કરવામાં આવે છે અને સત્કાર્યની પુષ્ટિ થઈ એટલે સ્વતઃ દુષ્કૃત્ય તરફથી વૃત્તિ પાછી હઠે છે. આ કર્તવ્યને આચરતાં પહેલાં સત્કાર્યને ઓળખવાની બહુ જરૂર છે એમ પહેલાં કહેવાઈ ગયું છે. કેટલીક વખત મિથ્યા વાસનાવાળા તેમજ અજ્ઞાની અને ધર્મબુદ્ધિવિનાના, સંસારની આસક્તિવાળા તેમજ સંસારની પુષ્ટિને જ આત્મોન્નતિ માનનારા મનુષ્યોના પ્રસંગથી અકાર્ય પણ સત્કાર્યની પંક્તિમાં દાખલ થઈ જાય છે–ઘુસી જાય છે અને જમાનાને અનુસરવાના મહા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાક્યને તેમાં જોડી દેવામાં આવે છે. આવી ભૂલ ન થવા માટે ઉત્તમ મુનિ મહારાજાના, વિદ્વાન શ્રાવકના તેમજ સત્શાસ્ત્રના પરિચયથી સત્કૃત્યો ઓળખવા અને તેનીજ અનુમોદના કરવી. જો ભૂલથી સત્કાર્યને બદલે પાપકાર્યની અનુમોદના કરવામાં આવે તો તેની પુષ્ટિ થાય અને તેમાં પ્રવૃત્તિ થવાથી આત્મા અધોગમન કરવાની સ્થિતિને પ્રાપ્ત થઇ જાય. માટે બરાબર સમજીને મુનિધર્મની યોગ્યતા મેળવવાના ઇચ્છક ગૃહસ્થે આ કર્ત્તવ્યમાં પ્રવૃત્તિ કરવી કે જેથી ઘણા અલ્પકાળમાં મુનિધર્મની પ્રાપ્તિ થઇ શકે.

ત્યાર પછી ઓગણત્રીશમું વાક્ય **पूजनीया मंत्रदेवताः** નવકાર મંત્રના અધિષ્ઠાયક દેવતાની પૂજા કરવી એ કહેલું છે. આ કર્ત્તવ્યની આવશ્યકતા એટલા માટે છે કે જે મંત્રના અધિષ્ઠાયક દેવતાની પૂજા થાય તે મંત્રમાં સૂચવેલા દેવોની પૂજા ભક્તિ સવિશેષે થાય તેમાં તો આશ્ચર્ય જ શું ? અગાઉ પચીશમા વાક્યમાં લખાઇ ગયું છે કે નવકાર એ મહામંત્ર છે, સર્વોત્કૃષ્ટ મંત્ર છે, તેની અંદર સર્વ ઉત્તમ પુરૂષોનો સમાવેશ થઇ જાય છે. એ મહામંત્રના અધિષ્ઠાયક દેવતાઓ એ મંત્રનું સ્મરણ કરનારના મનોવાંછિત પૂરે છે. અને તેની પૂજા કરનારનું સમકિત પણ નિર્મળ થાય છે; કારણ કે એ મંત્રદેવતાઓ સમકિતદૃષ્ટિ જ હોય છે. આ વાક્યમાં કહેલા મંત્રદેવતા શબ્દનો અર્થ મંત્રના અધિષ્ઠાતા–તેમાં સૂચવેલા દેવો અરિહંત સિદ્ધાદિકની પૂજા કરવી એવો પણ થાય છે; પરંતુ અગાઉ ભગવંતની પૂજા કરવા સંબંધી કર્ત્તવ્ય આવી ગયેલું હોવાથી અહીં તે અર્થ લેવામાં આવ્યો નથી. નવકાર મહામંત્રના અધિષ્ઠાયક દેવતા કોણ છે? અને તેની પૂજા કેવા પ્રકારે કરવી ? ઇત્યાદિ હકીકત એ મહામંત્રના કલ્પાદિકથી જાણી લેવી. અહીં તો ખાસ એ લક્ષમાં રાખવાનું છે કે મુનિધર્મની યોગ્યતા મેળવવાના ઇચ્છક ગૃહસ્થે મંત્ર દેવતાની પૂજા કરવી કે જેથી તેને વહેલી યોગ્યતા પ્રાપ્ત થવામાં તેઓ સહાયક થઇ પડે. શ્રાદ્ધ પ્રતિક્રમણ સૂત્ર વિગેરેમાં સમ્યગ્ દૃષ્ટિ દેવતા પાસે સમાધિ ને બોધિ ( સમ્યકત્વ ) ની માગણી કરી છે તે તેઓ તેની પ્રાપ્તિમાં સહાય કરે, વિઘ્ન વિસરાળ કરે, સદ્ગુરૂ વિગેરેની જોગવાઇ કરી આપે ઇત્યાદિ હેતુઓથીજ કરી છે. તેમ અહીં પણ સમજવું.

ત્યાર પછી ત્રીશમું વાક્ય **श्रोतव्यानि सच्चेष्टितानि** સત્ ચરિત્રોનું શ્રવણ કરવું અર્થાત્ સત્પુરૂષોના ચરિત્રોનું ગુરૂમુખે શ્રવણ કરવું એ કહેલું છે. મુનિધર્મની યોગ્યતા મેળવવામાં એ પરમ શ્રેષ્ઠ કારણ છે. સત્પુરૂષોના ચરિત્રોનુ શ્રવણ આપણી ઉપર શુભ અસર કરે છે. સામાન્ય ધર્મદેશનામાં કેટલાક જીવોને એકાએક રૂચિ ઉત્પન્ન થતી નથી; પરંતુ સત્પુરૂષોના ચરિત્રો–તેમની કથાઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાંભળવામાં તો સૌને—આબાળ વૃદ્ધને રૂચિ ઉત્પન્ન થાય છે. સ્ત્રીઓ તો કથા સાંભળવાની રસિક જ હોય છે. જે અસર બીજી રીતે થઇ શકતી નથી તે આ રીતે થાય છે. કારણકે મોટી મોટી ઋદ્ધિના ધણી, અનેક પ્રકારની સુખ સંપત્તિ-વાળા, દુઃખ તો જેણે દૃષ્ટિએ પણ જોયું ન હોય તેવા, એકાંત સુખી દેખાતા પુરૂષો પણ જ્યારે ખરેખરો ધર્મોપદેશ સાંભળે છે ત્યારે પોતાને પ્રાપ્ત થયેલ તમામ સુખને અનિત્ય જાણી, આ સંસારને જન્મ, જરા, મરણ, રોગ, વિયોગ ને શોકાદિથી ભરપૂર સમજી તેને એકદમ તજી દે છે અને વીતરાગ પ્રણિત સદ્ધર્મને સ્વીકારે છે, મહાવ્રતો ગ્રહણ કરે છે અને પ્રાણાંત ઉપસર્ગમાં પણ ચળિત ન થતાં નિરતિચારપણે તેનું આરાધન કરે છે જેથી છેવટે તેઓ શાશ્વત સુખના-મહાનંદ સુખના ભોક્તા થાય છે. આ પ્રમાણેની હકીકતો ચરિત્રોમાં આવતી સાંભળે છે ત્યારે તેની પણ સંસારપરથી આસક્તિ ઘટે છે. પોતાને પ્રાપ્ત થયેલ સાંસારિક સુખને અલ્પ, તુચ્છ અને અનિત્ય માને છે અને તેનો ત્યાગ કર-વાના વિચાર પર આવે છે. આ પ્રમાણે સત્પુરૂષોના ચરિત્રોથી અનેક પ્રકારની સારી અસર થાય છે. બાલ્યાવસ્થામાં ચારિત્ર ગ્રહણ કરેલ મહા પુરૂષોના ચરિત્રો સાંભળી પોતે પ્રૌઢ વયને પામ્યા છતાં સંસારમાં ખુંચી રહ્યા છે એમ જાણી મનમાં લજાય છે—શરમાય છે અને તેને તજવા ઇચ્છે છે. કેટલાક રાજાઓએ માત્ર એક જ ધોળો પળી આવેલો જોઈ–પોતાના પૂર્વ પુરૂષોએ પળી આવ્યા અગાઉ સંસાર છોડી દીધો હતો એમ સાંભળી તરતજ પોતાને પૂર્વ પુરૂષોથી હીન સત્વવાળા માની સંસાર તજી દીધો છે. આ બધો સચ્ચરિત્રના શ્રવણનો પ્રતાપ છે. કેટલીક મહાસતીઓ કે જેણે પ્રાણાંત કષ્ટમાં પણ પોતાના શીયળ-રત્નને જાળવી રાખ્યું છે અને અનેક પ્રકારના અસહ્ય કષ્ટો સહ્યા છે, તેમના ચરિત્રો સાંભળી શિથિળ વૃત્તિવાળી સ્ત્રીઓ પણ શિળ પાળવામાં દૃઢ બને છે. ટુંકામાં સત્પુરૂષોના ચરિત્રો સાંભળવાથી અનેક પ્રકારના લાભ થાય છે. ઢંકાઈ રહેલ આત્માના ગુણો–આત્મ શક્તિ પ્રકટ થાય છે, અને નહીં ધારેલ શુભ પ્રકાર બની આવે છે, માટે મુનિધર્મની યોગ્યતા મેળવવાના ઇચ્છકે સત્પુરૂષોના ચરિત્રો કે જેમાં તેની વર્તણુકની તમામ હકીકત સમાવેલી હોય–તેમણે આચરેલા સદા-ચારોનું વર્ણન હોય તે અવશ્ય સાંભળવા કે જેથી પોતાના હૃદયમાં મુનિધર્મ અંગીકાર કરવાની ઉત્કંઠા વૃદ્ધિ પામે અને તેની યોગ્યતા વહેલી પ્રાપ્ત થાય.

ત્યાર પછી એકત્રીશમું વાક્ય **ज्ञातर्नीयमौदार्यं** ઉદાર વૃત્તિ રાખવી, ઉદાર દીલવાળા થવું એ કહેલું છે. જેના હૃદયમાં તુચ્છતા છે તેનામાં ઉત્કૃષ્ટ ગુણો કદાપિ દાખલજ થઇ શકતા નથી. પણ જેનું દિલ ઉદાર છે, જેના વિચાર ઉંચા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે, જેની મનોવૃત્તિ પરોપકાર કરવામાં તત્પર છે, જેનું મન સર્વ મનુષ્યના દુઃખો દૂર કરી શકાય તો તેમ કરવાને તલસે છે, આવા ઉદારવૃત્તિવાળા મનુષ્યોજ મુનિધર્મની યોગ્યતા મેળવી શકે છે. જેઓના હૃદય તુચ્છ છે, જેઓના વિચાર ટુંકા છે, જેઓ પારકા અપરાધ સહન કરવામાં મોટા દીલવાળા થઈ શકતા નથી, નાની નાની પારકી ભૂલોને જે મોટું રૂપ આપનારા છે અને તેને આગળ ધરનારા છે, તેનામાં મુનિધર્મ કે જે પ્રાપ્ત થવો મહા મુશ્કેલ છે તેની યોગ્યતા ઉદ્ભવતીજ નથી. એ મહાન્ લાભ મેળવવાના ઈચ્છકનું મન તો વિશાળ હોવું જોઈએ. તેઓ પારકી ભૂલ સામું તો જોનારાજ ન હોવા જોઈએ, નિરંતર તેઓ તો પોતાના આત્મા તરફ દૃષ્ટિ રાખી પોતાની ભૂલો જોઈ તે સુધારવાની તત્પરતાવાળાજ હોવા જોઈએ. આ વાકયમાં રહસ્ય બહુ સમાયેલું છે. ઉદારતા ભાવવી–ઉદાર વૃત્તિ રાખવી એ વાકય તો નાનું સરખું છે, પણ એમાંસાર ઘણો છે. એવા ઉદાર વૃત્તિ ભાવવાવાળા મનુષ્યો બહુ અલ્પ દેખાય છે. ઘણા જીવો તો તુચ્છ વૃત્તિવાળાજ હોય છે કે જેમને પોતાનામાં અનેક ગુણો દેખાય છે અને બીજાના ગુણો વાંધાવાળા દેખાય છે. બીજાના વિચાર ભૂલ ભરેલા લાગે છે, બીજાઓના આચરણ ખોડ ખાંપણવાળા દેખાય છે, બીજાઓને ઉદારવૃત્તિ વિનાના દેખે છે અને પોતાને બીજા કરતાં સમજુ, ડાહ્યા અને સર્વગુણ સંપન્ન માને છે. આવા મનુષ્યો ઉચ્ચદશાને મેળવી શકતા નથી. તેઓના વિચારની તુચ્છતા ઓળસતી નથી, તેઓના મનની સંકડામણ મટતી નથી. ઉદારતા રાખવી અને ઉદાર વૃત્તિ રાખવી એમાં પણ બહુ અંતર છે. ઉદારતા તો માત્ર દ્રવ્ય સાથેજ સંબંધ રાખે છે. તેથી તેવી દ્રવ્ય સંબંધી ઉદારતા ધરાવનારા તો ઘણા મનુષ્યો દૃષ્ટિગોચર થાય છે; પરંતુ ઉદાર વૃત્તિ રાખવી એ અનેક બાબતો સાથે સંબંધ ધરાવે છે. સદાચરણ માત્રનો એમાં સમાવેશ થઈ શકે છે. એવી ઉદાર વૃત્તિ ધરાવનારા પુરૂષો બહુ અલ્પ દેખાય છે. અહીં મુનિધર્મની યોગ્યતા મેળવવાના ઈચ્છક માટે તેની ખાસ આવશ્યકતા બતાવવામાં આવી છે. માટે જેમ બને તેમ હૃદયમાંથી તુચ્છતાને દૂર ખસેડીને ઉદાર વૃત્તિને તેનું સ્થાન આપવા પ્રયત્ન કરવો કે જેથી મુનિધર્મની યોગ્યતા સત્વર પ્રાપ્ત થાય.

ત્યારપછી છેલ્લું બત્રીશમું વાકય એ કહ્યું છે કે–**वर्त्तितव्यमुत्तमज्ञातेन** ઉત્તમ પુરૂષોના દૃષ્ટાંતે ચાલવું અર્થાત્ ઉત્તમ પુરૂષો જેમ વર્ત્યા હોય–વર્તતા હોય તે પ્રમાણે વર્તવું એ કહેલું છે. આ વાકય ત્રીશમા વાકય સાથે સંબંધ ધરાવે છે. સત્પુરૂષોના ચરિત્રો સાંભળવાની આવશ્યકતા ત્રીશમા વાકયમાં બતાવી છે તે આ વાકયને ફળિતાર્થ કરવા માટેજ બતાવેલી છે. ઉત્તમ પુરૂષોના ચરિત્રો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાંભળીને એક કાનેથી બીજે કાને કાઢી ન નાખતાં તે પ્રમાણે વર્તવા માટે પૂરતો પ્રયાસ કરવો યોગ્ય છે. કદિ શારિરીક કારણોને લઇને તપસ્યા કરવાનું કે ઉપસર્ગો સહન કરવાનું એવા શ્રેષ્ઠ સંઘયણ વિના બની શકે નહિ એ જુદી વાત છે; પરંતુ બીજી અનેક બાબતો તો આ શરીરથી પણ બની શકે તેમ છે. શીળ ધર્મ અને ભાવ ધર્મ તો સર્વ કાળે સરખો આરાધી શકાય છે. દાન ધર્મનું આરાધન કદિ તેવી મહાન્ દ્રવ્ય સંપત્તિ ન હોવાથી તેટલું ન થઇ શકે પરંતુ પોતાની શક્તિના પ્રમાણમાં તો થઇ શકે તેમ છે. દાનધર્મના આરાધનમાં કાંઇ દ્રવ્યની સંખ્યા ઉપર લાભની ગણત્રી મુકાયેલી નથી, તેમાં તો શુદ્ધ ચિત્ત, વિત્ત ને પાત્ર એ ત્રણ બાબતની આવશ્યકતા છે. ઉત્તમ મુનિ મહારાજને શુદ્ધભાવથી અડદના બાકુળા વહોરાવનાર ચંદનબાળાનું પણ કાર્ય સિદ્ધ થઇ ગયેલું છે. માટે અનેક ઉત્તમ પુરૂષોના દૃષ્ટાંતોનું અનુકરણ કરવા અહર્નિશ તત્પર રહેવું, યથાશક્તિ અનુકરણ કરવું અને વારંવાર તે સંબંધી વિચારણા કર્યા કરવી કે જેથી પોતામાં તેવા પ્રકારની શક્તિ કે જે અનાદિ કાળથી અવરાઇ રહેલી છે તે પ્રકટ થશે અને પોતે પણ તેવા ઉત્તમ પુરૂષોની પંક્તિમાં મૂકાવાને પાત્ર થશે. મુનિધર્મની યોગ્યતા મેળવવાના ઇચ્છકને તો ઉત્તમ પુરૂષોના દૃષ્ટાંતે ચાલવાની પરિપૂર્ણ આવશ્યકતા છે. એવું વિશુદ્ધ વર્તન રાખવાથીજ એવા અમૂલ્ય મુનિધર્મની યોગ્યતા મેળવી શકાય તેમ છે. આ છેલ્લું વાક્ય સર્વ વાક્યોના રહસ્યને એકઠું કરીને કહેવામાં આવેલું છે; કારણકે જે મનુષ્ય ઉત્તમ પુરૂષોના દૃષ્ટાંતે ચાલે તે અલ્પ કાળમાં ઉચ્ચ દશાને પ્રાપ્ત થાય, તેનામાં મુનિધર્મની યોગ્યતા ઉદ્ભવે અને સદ્ગુરૂની જોગવાઇ મળ્યે મુનિધર્મની યોગ્યતાની પરીક્ષામાં પાસ થઇ તે ધર્મને પ્રાપ્ત કરે કે જેથી પ્રાંતે શાશ્વત સુખનું ભાજન થવાય.

અહીં આ વિષયની સમાપ્તિ કરવામાં આવે છે. વિદ્વાન લેખક આ વાક્યોમાંથી ઘણું રહસ્ય ખેંચી શકે તેમ છે. અહીં તો યથામતિ ટુંકાણમાંજ એ રહસ્ય બતાવવામાં આવ્યું છે. તેટલા ઉપરથી પણ જે ભવ્ય પ્રાણી એ વાક્યોને પોતાના હૃદયમાં ધારણ કરશે અને એમાં બતાવેલા કર્ત્તવ્યો આચરવા તત્પર થશે તે અવશ્ય આત્મહિત મેળવી મુનિધર્મને પ્રાપ્ત કરશે. આ લેખકનો પ્રયાસ પણ ત્યારેજ સફળ થશે.

તથાસ્તુ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# अनाधिक-हीनाक्षर श्रुत.

ગત અંકમાં આપેલા દ્રવ્યાવશ્યકના લેખમાં બતાવ્યા પ્રમાણે 'અભ્યાસ કરેલું શ્રુત કાંઇ પણ અધિક કે હીન અક્ષરવાળું ન હોવું જોઇએ. જો અધિક કે હીન અક્ષરવાળું હોય છે તો તેથી અર્થનો અનર્થ થાય છે, સ્તુતિની નિંદા થાય છે, લાભને બદલે નુકશાન થાય છે અને બીજી અનેક પ્રકારની હાનિ થાય છે. તેની ઉપર શાસ્ત્રમાં અનેક દ્રષ્ટાંતો આપેલા છે. બિંદુ માત્ર અધિક થવાથી કુણાલ-નામના રાજપુત્રને હાનિ થયાનું દ્રષ્ટાંત છે. હીનાક્ષર પાઠથી વિદ્યાધરાદિને હાનિ થયાનાં દ્રષ્ટાંત છે, ભાવાધિક્યથી વાનરને હાનિ થયાનું દ્રષ્ટાંત છે, તેમજ હીન માત્ર કે અતિ માત્ર ભોજનથી બાળક મૃત્યુવશ થાય છે અને હીન માત્ર કે અતિ માત્ર ઔષધથી રોગી મૃત્યુવશ થાય છે. માટે સર્વ કાર્યમાં જેમ અધિક કે હીન હાનિકર્ત્તા છે તેમજ શ્રુતાભ્યાસમાં પણ અધિક કે હીન અક્ષર કે કાનો, અને માત્ર બિંદુ ( અનુસ્વાર ) પણ હાનિકર્ત્તા છે. અર્થાત્ જો તેમ કરવામાં આવે તો તેથી અત્યંત હાનિ થાય છે.

આ હકીકતને પુષ્ટ કરવા માટે ઉપર જણાવેલા ત્રણે દ્રષ્ટાંતો શ્રી વિશેષાવશ્યક સૂત્રમાંથી અહીં બતાવવામાં આવે છે.

## કુણાલ રાજપુત્રનું ઉદાહરણ.

પાટલીપુત્ર નગરમાં મૌર્યવંશમાં અશોકશ્રી નામે રાજા થઈ ગયા છે. તેને એક રાણીથી કુણાલ નામે પુત્ર થયો હતો. તેને આજીવિકા તરીકે રાજાએ ઉજ્જયિની નગરી આપી હતી. કુણાલ કુંવર ત્યાં જ રહેતો હતો. તે આઠ વર્ષનો થયો ત્યારે તેની સાથે રાખેલા અમાત્યે અશોકશ્રી રાજાને લેખવાહક સાથે પત્રમાં તે હકીકત નિવેદન કરી કે આપનો પુત્ર આઠ વર્ષનો થયો છે. તે પત્ર વાંચીને રાજાએ અંતઃપુરમાં બેઠા બેઠાજ પોતાને હાથે કુમારની ઉપર પત્ર લખ્યો. તેમાં એમ લખ્યું કે ' इदानीमधीयतां कुमारः ' હવે કુમારે ભણવું. આ પ્રમાણે લખી લેખને ત્યાંજ મુકીને રાજા દેહચિંતા માટે ઉઠયા. તેમના ગયા પછી એક રાણીએ તે લેખ હાથમાં લઇને વાંચ્યો. તેણે ચિંતવ્યું કે–" મારે પણ પુત્ર તો છે, પણ તે નાનો છે ને આ કુણાલ મોટો છે; એટલે રાજ્યને યોગ્ય તે છે, મારો પુત્ર નથી. તેથી એવું કરૂં કે જેથી કુણાલ રાજ્યને અયોગ્ય થાય. તેને માટે અત્યારેજ અવસર છે. " આ પ્રમાણે વિચારીને તેણે તરતજ શુંકવડે આર્દ્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરેલી નેત્રમાં અંજન આંજવાની સળીવડે અકારની ઉપર બિંદુ કરી દીધો. એટલે '**अंधीयतां कुमारः**' કુમારે આંધળા થવું-એમ થયું. આ પ્રમાણે કરીને તેણીએ પાછો તે લેખ જ્યાં હતો ત્યાં મુકી દીધો. પછી રાજાએ ત્યાં આવીને વગરવાંચ્યેજ તે પત્ર બીડીને લેખવાહકને આપી દીધો. લેખવાહકે કાગળ ઉજ્જયિની લઇ જઇને કુમારની પાસે બેઠેલા અધિકારીને આપ્યો. તેણે વાંચી જોતાં પ્રત્યક્ષવિરૂદ્ધ હકીકત જણાવાથી પ્રગટ ન વાંચ્યો. કુમારે બહુજ આગ્રહ કર્યો એટલે તેણે વાંચ્યો. તેમાં લખેલી હકીકતનો અર્થ સમજીને કુમારે કહ્યું કે-' મૌર્યવંશમાં ઉત્પન્ન થયેલા એવા જે અમે-તેની આજ્ઞા આ પૃથ્વી પર કોઈ ખંડિત કરતું નથી તો શું હુંજ મારા પિતાની આજ્ઞાનું ઉલ્લંઘન કરૂં ? એ વાત બનેજ નહીં.' એમ કહીને તરતજ પરિજનવર્ગે અનેક પ્રકારે નિવાર્યા છતાં તેમના હાહાકાર વચ્ચે તેણે તપાવેલી લોઢાની સળી બંને આંખમાં આંજી દીધી, જેથી તે તરતજ અંધ થઇ ગયો. ત્યાર પછી તે વ્યતિકર રાજાએ જાણ્યો એટલે તેને ઘણો ખેદ થયો. પણ બની ગયેલી હકીકતમાં નિરૂપાયપણું હોવાથી કાંઈ કરી શક્યો નહિ. પછી યુવરાજ્યોગ્ય ઉજ્જયિનીમાંથી ફેરવીને તેને યોગ્ય કોઈ બીજું ગામ આપી ત્યાં રહેવાની ગોઠવણ કરી. તે ગામમાં રહીને કુણાલકુમારે અતિ ઉત્કૃષ્ટ ગીતકળાનો અભ્યાસ કર્યો. તેને અન્યદા પુત્ર થયો. પછી પુત્રને રાજ્ય અપાવવામાટે કુણાલકુમાર પાટલીપુત્રે ગયો. અને શહેરમાં ગાયન કરતો ફરવા લાગ્યો. તેની ગીતકળાની બહુ પ્રશંસા સાંભળીને રાજાએ તેને બોલાવ્યો. ત્યાં જઇ પડદામાં રહીને તેણે પોતાની ગીતકળા બતાવી; તેથી રાજા બહુ પ્રસન્ન થયો. એટલે તેણે કહ્યું કે-' માગ, તું જે માગીશ તે હું આપીશ ' એટલે કુણાલકુમાર બોલ્યો.

**चंदगुत्तपपुत्तो उ, बिंदुसारस्स नत्तुउ । असोगसिरिणो पुत्तो, अंधो जायइ कागणिं ॥** " ચંદ્રગુપ્તનો પ્રપૌત્ર, બિંદુસારનો પૌત્ર અને અશોકશ્રીનો પુત્ર જે અંધ છે તે કાકણી માગે છે. ક્ષત્રીની ભાષામાં કાકણી એટલે રાજ્ય થાય છે એટલે રાજ્ય માગે છે. " પાટલીપુત્ર નગરમાં ચાણાક્યે સ્થાપન કરેલ પ્રથમ મૌર્યવંશી રાજા ચંદ્રગુપ્ત, તેનો પુત્ર બિંદુસાર અને તેનો પુત્ર અશોકશ્રી હોવાથી કુણાલે કહ્યા પ્રમાણે તે ચંદ્રગુપ્તનો પ્રપૌત્ર, બિંદુસારનો પૌત્ર અને અશોકશ્રીનો પુત્ર થતો હતો. કુણાલે કહેલી ગાથા સાંભળીને રાજાએ તરતજ પડદો દૂર કરી નાખ્યો અને પોતાના પુત્ર કુણાલને જોઈ આશ્ચર્ય પામી તેની સવિશેષ હકીકત પૂછી એટલે તેણે પોતાનો સર્વ વ્યતિકર કહ્યો. રાજાએ તેની વાત સાંભળીને પૂછ્યું કે 'તું રાજ્ય માગે છે તો હું આપીશ પણ તું અંધ હોવાથી રાજ્યને શું કરીશ ?'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેણે કહ્યું કે-' હે દેવ ! મને રાજ્યને યોગ્ય પુત્ર થયો છે. ' રાજાએ પૂછયું કે ' કયારે ? ' કુણાલે કહ્યું કે- ' **संप्रति** ( હમણાજ ) ' રાજાએ તેજ વખતે તેનું નામ **સંપ્રતિ** પાડયું ને તેને રાજ્ય આપ્યું.

આ દ્રષ્ટાંત ઉપરથી સાર એ ગ્રહણ કરવાનો છે કે અકારની ઉપર એક બિંદુ માત્ર વધી જવાથી કુણાલ કુમારના નેત્ર ગયા. તેમજ પ્રસ્તુત સૂત્રમાં ( શાસ્ત્રાભ્યાસમાં ) પણ બિંદુ વિગેરે અધિક થવાથી અર્થાંતર થવાને લીધે અનેક પ્રકારના અનર્થનો સંભવ છે.

ભાવના અધિકપણા ઉપર એક વાનરનું લૌકિક ઉદાહરણ છે તે પણ જાણવા જેવું હોવાથી અહીં આપવામાં આવ્યું છે.

## વાનરનું દ્રષ્ટાંત.

કોઇક અટવીમાં એક સરોવર હતું. તેને લૌકિકમાં **કામીકતીર્થ** કહેતા હતા. તેના કીનારા ઉપર એક વંજુલનું વૃક્ષ હતું. તેની શાખા ઉપર ચડીને જો કોઈ તીર્યંચ સરોવરના જળમાં પડતું તો તે તે તીર્થના માહાત્મ્યથી મનુષ્ય થઇ જતું, અને જો કોઇ મનુષ્ય પડતું તો તે દેવ થઇ જતું. ઉપરાંત લોભ કરીને જો કોઇ બીજો વધારે લાભ મેળવવા પડતું તો તે પાછું પૂર્વે જેવું હતું તેવું થઇ જતું. અન્યદા એક વાનરમિથુનના દેખતાં એક મનુષ્યનું યુગળ ( સ્ત્રી પુરૂષ ) વંજુલ વૃક્ષની શાખા ઉપર ચડીને સરોવરમાં પડયું એટલે તે દેદીપ્યમાન શરીરવાળું દેવયુગળ થઇ ગયું. તે જોઇને પેલું વાનરમિથુન તેવી જ રીતે સરોવરમાં પડયું એટલે તે પ્રવર રૂપવાળું નરયુગળ થઈ ગયું. પછી નર થયેલા વાનરે સ્ત્રીને કહ્યું કે-આપણે બીજી વાર પાછા પડીએ કે જેથી આપણે દેવયુગળ થઇએ. સ્ત્રીએ નિવારણ કર્યું કે-" હવે વધારે લોભ કરવો નહીં કારણકે આપણે જાણતા નથી કે આમાં બીજી વાર પડવાથી શું થાય છે ? માટે આપણે મનુષ્ય થયા તેટલાથી જ બસ છે. અતિ લોભ કરવાનો સર્વ શાસ્ત્રમાં નિષેધ કરેલો છે. " આ પ્રમાણે નિવારણ કર્યા છતાં પણ તે નર થયેલ વાનર ફરીને પડયો એટલે તે વાનર થઇ ગયો. અને પેલી રૂપવંત સ્ત્રીને તે તરફ ફરવા નીકળેલ કોઈ રાજા લઈ ગયો. તે તેની રાણી થઈ અને રાજાને વલ્લભ થઇ પડી. પેલા વાનરને કોઇએ પકડયો અને તેને નાચતાં શીખવ્યું. અન્યદા પેલી રાણીસાથે બેઠેલા રાજા પાસે જ તે વાનરને લઈ આવ્યો. વાનરે રાણીને ઓળખી, રાણીએ વાનરને પણ ઓળખ્યો. પછી વાનર તેના માલીકે પકડી રાખ્યા છતાં પણ વારંવાર રાણીની સન્મુખ તેને પકડવા માટે દોડવા લાગ્યો. તે જોઇને રાણી બોલી કે—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



जो जया वट्टए कालो, तं तहा सेव वानरा ! । मा वंजुलपरिभट्ठो, वानरा ! पडणं सर ॥ "જે વખતે જેવો કાળ ( અવસર ) હોય તેમ હે વાનર ! વર્તવું. વળી હે વાનર ! વંજુલ ઉપરથી ( બીજી વાર ) પડ માં એમ મેં કહ્યું હતું તે સંભાર."

આ દૃષ્ટાંત ઉપરથી સાર એ લેવાનો છે કે જેમ અધિક લોભ કર્યો તે વાનરને અનર્થને માટે થયો, તેમ માત્રાદિકથી અધિક સૂત્ર પણ અનર્થને માટે થાય છે.

અક્ષરાદિકથી હીન સૂત્રપાઠ પણ કષ્ટને માટે થાય છે તે ઉપર વિદ્યાધરનું દૃષ્ટાંત છે તે આ પ્રમાણે—

## વિદ્યાધરનું દૃષ્ટાંત.

રાજગૃહ નગરમાં ભગવંત શ્રી મહાવીરસ્વામી સમવસર્યા. તેમની પાસે દેશના સાંભળીને પર્ષદા ઉઠ્યા પછી ઘર તરફ જતાં શ્રેણિક રાજાએ દૂરથી એક વિદ્યાધરને દીઠો કે જે પાંખ છેદાયેલા પક્ષીની જેમ ઉંચે ચડતો હતો અને પાછો પડતો હતો. તે જોઇને કૌતુક ઉત્પન્ન થવાથી શ્રેણિક રાજા પાછા વળ્યા અને સમવસરણમાં આવી તેનો સર્વ વ્યતિકર ભગવંતને પૂછયો. ભગવંતે કહ્યું કે—" તેને આકાશગામિનીવિદ્યાનું એક પદ વિસ્મૃત થયું છે, તે તેને બરાબર સાંભરતું નથી, તેથી તે ઉંચે ચડે છે ને પડે છે." આ વાત પાસે બેઠેલા અભયકુમારે સાંભળી, એટલે તેણે વિદ્યાધર પાસે જઇને કહ્યું કે—" જો તું મને આકાશગામિની વિદ્યા જેટલી તું જાણે છે તેટલી શીખવ ને સમાન સિદ્ધિવાળો કર તો હું તને ભૂલી ગયેલો એક અક્ષર મેળવી આપું." વિદ્યાધરે તે વાત કબૂલ કરી અને અભયકુમારને તે વિદ્યા શિખવવા માંડી એટલે પદાનુસારી લબ્ધિથી તેણે ભૂલેલો અક્ષર પૂરો કરી દીધો. ખેચરે તેને આખી વિદ્યા આપી, અને પોતે કુશળક્ષેમે વૈતાઢ્યગિરિપર પોતાને સ્થાને પહોંચ્યો. ત્યાં અનેક પ્રકારના સુખનો ભાજન થયો.

આ પ્રમાણે જેમ એક પણ અક્ષરવડે હીન વિદ્યા સ્ફુરતી નથી અને અનર્થ ફળવાળી થાય છે તેમ સૂત્ર પણ અક્ષરહીન હોય તો હાનિ કરે છે, માટે સૂત્રોચ્ચાર પરિપૂર્ણ કરવો, હીન કરવો નહીં.

હીન ને અધિક બંને પ્રકારના સૂત્રોચ્ચારની ઉપર પ્રથમ સૂચવ્યા પ્રમાણે બાળકનું ને રોગીનું દૃષ્ટાંત જાણવું. કોઈ રોગીને તીખું, કડવું કે કસાયેલું ઔષધ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપવામાં આવતું હોય તે તેને રૂચતું ન હોય તેથી જો માતા પિતા કે વૈદ્ય એમ વિચારે કે–" આવું ઔષધ પીતાં આ પીડાય છે માટે તેને ઓછું ઔષધ આપો." આ પ્રમાણે વિચાર કરીને ઓછું ઔષધ આપે તો તેથી રોગી વહેલું આરોગ્ય મેળવતો નથી. વળી કોઇ કારણથી એકદમ આરામ થઇ જાય તો ઠીક એમ ધારીને અધિક ઔષધ આપવામાં આવે છે તો રોગી અવશ્ય મૃત્યુને વશ થાય છે. બાળક પણ માતપિતા રાગદશાથી જો ઓછો કે વત્તા આહાર તેને આપે છે તો કષ્ટને પામે છે. એજ પ્રમાણે સૂત્રને વિષે પણ હીનાધિક ઉચ્ચારથી દોષોત્પત્તિ જાણવી.

હીનાધિક ઉચ્ચારથી શું દોષ પ્રાપ્ત થાય એવી પૃચ્છાના ઉત્તરમાં કહે છે કે–માત્રાદિ હીનાધિકથી સૂત્રભેદ થાય, સૂત્રભેદ થવાથી અર્થમાં વિસંવાદપણું થાય, અર્થના વિસંવાદથી ક્રિયારૂપ ચારિત્રમાં વિસંવાદ થાય, ચારિત્રના વિસંવાદથી મોક્ષનો અભાવ થાય અને મોક્ષાભાવે દીક્ષાનું વૈફલ્ય થાય–નિષ્ફળપણું થાય. આ પ્રમાણે દોષોની શ્રેણિ પ્રાપ્ત થવાનું લક્ષમાં રાખી યથાસ્થિત–પૂર્વે દ્રવ્યાવશ્યકના વિષયમાં લખી ગયા પ્રમાણે વિશુદ્ધ સૂત્રોચ્ચાર કરવો કે જેથી સૂત્રભેદ, અર્થ વિસંવાદ, ક્રિયા વિસંવાદ, મોક્ષાભાવ અને દીક્ષા વૈફલ્ય ન થાય. ઇતિ.

# दश अवतार.

અન્ય મતવાળાઓએ પ્રભુના દશ અવતાર માનેલા છે. તે સંબંધી હકીકતથી આપણો જૈનવર્ગ ઘણે ભાગે અજ્ઞાત છે. જ્યાંસુધી બીજાઓની માન્યતા કેવી છે તે બરાબર જાણવામાં ન આવે ત્યાં સુધી સર્વજ્ઞ ભાષિત જૈનદર્શનમાં ને અન્ય દર્શનમાં કેટલું અંતર છે તે બરાબર સમજી શકાય નહિ. તેટલા માટે ચાલુ વર્ષના " જૈનશાસન " ના છઠ્ઠા અંકમાં **આચાર્ય શ્રી વિજયધર્મ સૂરીશ્વરજીએ** આપેલ દશ અવતારની સંક્ષિપ્ત હકીકત તેમાંથી અહીં ઉતારી લેવામાં આવી છે.

શ્રીતીર્થંકર દેવોનો જન્મ ઇતર લૌકિક દેવોની માફક જગતની વિટમ્બના વોરવા સારૂ થતો નથી. ફક્ત પૂર્વ જન્માન્તરમાં વીશ સ્થાનક તપની આરાધના કરી જે પુણ્ય પ્રકર્ષ એકઠો કરેલ, તેના જોરથી બાંધેલા તીર્થંકર નામ કર્મને ખપાવવા સારૂ તે થાય છે. જન્મથી લઇ નિર્વાણ પર્યન્ત તેઓનું ચરિત્ર મનન કરવાલાયક છે. ઇતર દેવોનું ચરિત્ર તો જન્મથી લઇ પરલોક ગમન સુધી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્રીડા વિનોદ તથા પરસ્પર વિરોધ વાક્યાદિથી અપ્રમાણિક રીતે જાય છે. આપણે અહીંઆ દશાવતારનું સંક્ષિપ્ત રીતે અવલોકન કરીએ, જેથી વાંચકવર્ગ સમજી શકશે કે પૂર્વોક્ત વાક્ય મનઃકલ્પિત નથી.

वेदानुद्धरते जगन्निवहते भूगोलमुद्बिभ्रते
दैत्यं दारयते बलिं छलयते क्षत्रक्षयं कुर्वते ।
पौलस्त्यं जयते हलं कलयते कारुण्यमातन्वते
म्लेच्छान् मूर्छयते दशाकृतिकृते कृष्णाय तुभ्यं नमः ॥
मत्स्यः कूर्मो वराहश्च नारसिंहोऽथ वामनः ।
रामो रामश्च कृष्णश्च बुद्धः कल्की च ते दश ॥

પ્રથમનો શ્લોક જયદેવે ગીતગોવિન્દમાં આપેલ છે, તેમાં દશ અવતારનું પ્રયોજન બતાવેલ છે. પરંતુ જ્યાંસુધી પ્રત્યેક અવતારનું ટુંક વૃત્તાંત ન અપાય ત્યાંસુધી વાંચકવર્ગને સ્પષ્ટ રીતે સમજણ પડે નહિ.

**वेदानुद्धरते** એ વાક્ય મત્સ્યાવતારનું વૃત્તાન્ત સૂચવે છે. શંખ નામે દૈત્ય ચારે વેદોને લઇ રસાતલમાં પેઠો, ત્યારે પૃથ્વી નિર્વેદ થઇ. હવે દેવે વિચાર્યું જે દુષ્ટ દૈત્યે અનર્થ કર્યો. માટે શંખનો નાશ કરવો; તથા વેદોને પાછા પૃથ્વીતલ ઉપર લાવવા. એમ વિચારી મત્સ્યાવતાર ધારણ કરી રસાતલમાં જઇ, દૈત્યને મારી, વેદોને પાછા પૃથ્વીપર લાવ્યા, એ પહેલો અવતાર.

એક વાર પૃથ્વી પાતાલમાં જવા લાગી ત્યારે, ભગવાને કૂર્મ અવતાર ધારણ કરી તેને પીઠપર ધારણ કરી, અને વરાહ રૂપ ધારણ કરી બે દાઢથી પકડી રાખી. તે કારણથી કૂર્મ અને વરાહનો અવતાર લીધો. એ બીજો અને ત્રીજો અવતાર.

હિરણ્યકશિપુ દૈત્યનો નાશ કરવા ચોથો નારસિંહનો અવતાર, તેનું વૃત્તાન્ત આ પ્રમાણેઃ—દૈત્યો પ્રાયઃ શિવભક્ત હોય છે; તેઓ શિવની આરાધના કરે છે. કોઈ વાર હિરણ્યકશિપુ દૈત્યે શિવની સંપૂર્ણ રીતે ભક્તિ કરી. તેથી શિવે પ્રસન્ન થઈ વર આપ્યો કે તારૂં મૃત્યુ સુકાથી યા લીલાથી, અગ્નિથી યા પાણીથી, અથવા તો દેવ દાનવ યા તિર્યંચ કોઇથી પણ થઇ શકશે નહિ. હવે હિરણ્યકશિપુનો પ્રહ્લાદ નામનો પુત્ર વિષ્ણુભક્ત થયો. તે વાત હિરણ્યકશિપુના જાણવામાં આવવાથી પોતાના દેવ શિવનો લોપ કરવાના અપરાધમાં તેણે પ્રહ્લાદને ખૂબ માર્યો, બાંધ્યો તેમજ કૂટયો. પરન્તુ તે તો 'વિષ્ણુ વિષ્ણુ' એમજ બોલતો હોવાથી તેના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શરીરમાં પ્રહાર લાગ્યા નહિ. વિષ્ણુએ તેના સત્વથી ખુશી થઇ વરદાન આપ્યું કે તું ઇન્દ્ર થઇશ. તે ઇન્દ્ર થયો, છતાં તેને તે પીડા કરવા લાગ્યો, એટલે ભગવાને નરસિંહનું રૂપ ધારણ કર્યું. મુખ સિંહનું તથા શરીર પુરૂષનું કરી હિરણ્યકશિપુ દૈત્યને હાથના નખવડે પગ નીચે દબાવી વક્ષસ્થળ ચીરી મારી નાંખ્યો. મત્સ્ય, કૂર્મ, વરાહ તથા નારસિંહ આ ચાર અવતાર કૃતયુગમાં થયા.

હવે પાંચમા વામન અવતારની થોડી વાત વિચારશીળ વાચકવર્ગની આગળ રજુ કરૂં છું. બલિ નામનો દૈત્ય ઇન્દ્રપદની પ્રાપ્તિ માટે સો યજ્ઞ કરવા પ્રયત્ન કરતો હતો, તેની અન્દર ૯૯ યજ્ઞ નિર્વિઘ્ન પૂર્ણ થયા. સોમો છેલ્લો યજ્ઞ શરૂ કર્યો ત્યારે દેવે વિચાર્યું જે મેં પ્રહ્લાદને ઇન્દ્રપદ આપેલ છે તેને ઉડાડી આ તે પદ લઇ લેશે. તેથી મનમાં ગુસ્સો ઉત્પન્ન થયો. પછી બલિને શિક્ષા કરવા સારૂ વામન રૂપ ધારણ કરી યજ્ઞસ્થાન પ્રત્યે આવી કહ્યું 'હે દાનેશ્વર બલે! યજ્ઞવિધાયક! દાન કરવાની વેળા હમણાંજ છે.' બલિ બોલ્યો, 'હે બ્રાહ્મણ! શું માગેછે?' વામને કહ્યું–'રહેવાને માટે સાડા ત્રણ ડગલાં જમીન. બલિએ તે આપી. તેટલામાં કોઇએ બલિને કહ્યું 'મહારાજ! આ અસલ બ્રાહ્મણ નથી, પરંતુ વિષ્ણુએ વામન બ્રાહ્મણનું રૂપ કરેલ છે. તે વાત જાણી બલિ ગુસ્સામાં આવ્યો, તેટલામાં વામનાવતાર ધારણ કરનાર દેવે ત્રણ ક્રમથી સમગ્ર પૃથ્વી લઇ લીધી. અર્ધા ડગલા માટે બલિને કહેછે 'રે દુષ્ટ! પીઠ ધર.' એમ કહી પીઠપર પગ દીધો. તેથી બલિ પાતાલમાં ગયો. મરતી વખતે બલિ બોલ્યો 'લોકો કેમ જાણશે કે બલિ આવા પ્રકારનો થયો. માટે કાંઇક યાદગીરી હોવી જોઇએ.' ત્યારે વિષ્ણુએ કહ્યું કે 'દીવાળીના ચાર રોજ સુધી તું રાજા અને હું દ્વારપાળ' એવું વરદાન આપ્યું. ઇત્યાદિ.

છઠ્ઠો અવતાર રામ અર્થાત્ પરશુરામનો થયો. તેનું વૃત્તાન્ત આ પ્રમાણે છેઃ—સહસ્રાર નામનો ક્ષત્રિય થયો. તેની બહેન રેણુકા હતી. તે રેણુકાને બલાત્કારથી જમદગ્નિ ઋષિ પરણ્યો. હવે સહસ્રાર જમદગ્નિના આશ્રમે ગયો. ત્યાં બન્નેને બોલતાં સાંભળી સહસ્રાર ક્ષત્રિય હોવાથી ક્રુદ્ધ થયો. સ્વાભાવિક રીતેજ ક્ષત્રિયો શૌર્ય ગુણવાળા હોયછે. તેથી જમદગ્નિને સંતાપ્યો, તથા રેણુકાને દુઃખી કરી. એટલા સારૂ દેવે તેને ઘેર જન્મ લઇ પરશુરામ થઇ સહસ્રારને મારી એકવીશ વાર નિઃક્ષત્રિય પૃથ્વી કરી.

રાવણ દૈત્યે પૃથ્વી પર ભારે ઉપદ્રવ કર્યો ત્યારે દેવે રામનો અવતાર લઇ રાવણને માર્યો. વામન, પશુરામ અને રામ એ ત્રણ અવતાર ત્રેતાયુગમાં થયાં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કંસાદિ દૈત્યોને મારવા ભગવાને કૃષ્ણઅવતાર ધારણ કર્યો. બૌદ્ધાવતાર શીતલ રૂપ થયો. તેણે મ્લેચ્છોનાં મન્દિર વધાર્યાં. કૃષ્ણાવતાર તથા બુદ્ધાવતાર દ્વાપરયુગમાં થયા.

મ્લેચ્છોનો નાશ કરવા કલિયુગમાં કલ્કી અવતાર થયો.

પૂર્વોક્ત દશ અવતાર ધારણ કરનાર સર્વજ્ઞ, ઈશ્વર, સર્વ શક્તિમાન, જગત્કર્ત્તા, અવિરોધવાક્ કહી શકાય કે નહિ? તેનો વિચાર પક્ષપાત રહિતપણે કરવો તેમાં નિંદા કે વિકથા નથી. વસ્તુનો વિચાર કરવો તે મનુષ્યોનો ધર્મ છે.

મત્સ્ય, કૂર્મ, વરાહ અને નારસિંહ એ ચાર અવતારની મીમાંસા મધ્યસ્થ ભાવથી કરીએ. શંખ નામે દૈત્ય વેદોને લઇ પાતાલમાં ગયો. તેથી વેદોને પૃથ્વી પર લાવવા સારૂ ભગવાનને માછલીના પેટમાં જન્મ લેવો પડ્યો! ભલા, સર્વજ્ઞ તથા જે સર્વશક્તિમાન હોય તેણે પ્રથમથી વિચાર કરવાનો હતો કે શંખ નામે દૈત્ય ઉત્પન્ન થશે તે સર્વાધાર વેદને ઉપદ્રવ કરશે, મારે જન્મ લેવો પડશે. તેના કરતાં બહેતર છે કે શંખ નામે દૈત્યનો જન્મજ થવા દેવો નહિ. કારણકે જગત્કર્તૃત્વ ધર્મ, અવતાર ધારણ કરનાર દેવની અન્દર છે, એ પ્રમાણે તે દેવને માનનારાઓ માનેછે. પ્રથમ તો મૂળ વાતજ ઠીક છે કે નહિ? તેમાંજ શંકા છે, કારણકે શંખ નામા દૈત્ય વેદને પાતાલમાં લઇ ગયો તો ભલા, અર્થ-રૂપ વેદને લઇ ગયો કે શબ્દાત્મક? અથવા તો પુસ્તકાકાર વેદને? ધારો કે અર્થરૂપ વેદ લઈ ગયો, તો તેથી કાંઇ મૂળ વેદની હાનિ થતી નથી. અને શબ્દાત્મક તો લેવાય તેમ નથી, કેમકે શબ્દ તો ક્ષણિક છે. હવે ધારો કે પુસ્તકાકાર વેદ લઇ ગયો તો હજારો પ્રતિ લખેલ છે. તેમાંથી એક લઇ ગયો તો શું હાનિ? ઇત્યાદિક વિચાર કરતાં મત્સ્યાવતારનું પ્રયોજન ઠીક માલૂમ પડતું નથી.

હવે બીજો તથા ત્રીજો કૂર્મ તથા વરાહનો અવતાર પૃથ્વી રસાતલ જઈ રહી હતી, તેને ધારણ કરવા સારૂ થયો. કૂર્મે પીઠઉપર પૃથ્વીને ધારણ કરી રાખી; હવે સવાલ એ થાય છે કે ભલા, કૂર્મ કોના આધાર ઉપર રહ્યા? કદાચ કહેશો કે તે ઇશ્વર રૂપ હોવાથી સ્વતંત્ર નિરાધાર રહી શકે, કારણકે ઇશ્વરમાં સર્વશક્તિ છે. વાહજી! જ્યારે ઇશ્વરમાં સર્વ શક્તિ છે તો અવતાર વિના પણ ઇશ્વર પૃથ્વી નિરાધાર રાખી શકત, તો શા માટે ગર્ભનાં દુઃખ તેમજ તિર્યંચ યોનિમાં ઉત્પન્ન થવાની કોશીશ કરી? તેનો વિચાર સ્વયં વાંચક વર્ગે કરવો.

જ્યારે વરાહે પૃથ્વીને પોતાની બે દાઢમાં પકડી રાખી ત્યારે પૃથ્વીને પકડનાર તે વરાહ ક્યાં ઉભો હતો? તેનો વિચાર કરવા જેવું છે. કારણ કે પૃથ્વી તો તેની દાઢમાં રહેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નરસિંહ અવતાર ધારણ કરી શિવભક્ત હિરણ્યકશિપુને માર્યો તથા પ્રહ્લાદને ઇન્દ્ર પદ આપ્યું તો આનો વિચાર કરતાં એમજ સિદ્ધ થાય છે કે ભક્તોને પદપ્રદાન કરનાર અને અભક્તોના તો જાન લેનાર વીતરાગ ગણી શકાય નહિ, પ્રત્યુત પૂર્ણ રાગદ્વેષી સિદ્ધ થાય છે. વામન રૂપ ધારણ કરી બલિને માર્યો તેના કરતાં કદાચ બલિને જન્મ ન આપ્યો હોત તો શું હતું? વામન રૂપ ધારણ કરવું, ભિક્ષા માગવી, ત્રણ ડગલે પૃથ્વી લઇ લેવી, બલિની પીઠ ઉપર પગ મૂકી તેને પાતાલમાં પહોંચાડવો, વળી તેના મરણ સમયે વરદાન આપવું જે દીવાળીના સમયે તારી પૂજા થશે, હું દ્વારપાળ થઇશ, ઇત્યાદિ અસંબદ્ધ વૃત્તાન્ત સર્વજ્ઞ ભાવમાં શંકા ઉત્પન્ન કરે છે. પરશુરામ નામનો અવતાર ક્ષત્રિયોના નાશ માટે થયો તેજ કારણથી બ્રાહ્મણ ક્ષત્રિયોમાં વેરભાવ થયો, તેને લઇને ૨૧ વાર નિઃક્ષત્રિયી પૃથ્વી થઇ. વળી અવાન્તરમાં અબ્રાહ્મણી પૃથ્વી થવા પામી. એક ભારે જૂલમ થયો. જમદગ્નિનો જુલમ વિચારી તેને દંડ દીધો હોત તો પૂર્વોક્ત અનર્થ થવા પામત નહિ. આવા પ્રકારનો જુલમ કરનારનો પક્ષ કરવા જન્મ ધારણ કર્યો તે કયાથી સિદ્ધ થાય છે. જો અવતારની કથા સાચી હોય તો ભગવાન સર્વજ્ઞ તથા સર્વ શક્તિમાન્ સિદ્ધ થઇ શકે નહિ. સર્વજ્ઞ હોય તે તો પરસ્પર વિરોધી કાર્યને પ્રથમથી જોઈ લે; વળી સર્વશક્તિમાન્ જન્માદિના કુથલામાં પડે નહિ. એક સામાન્ય પુરૂષ પણ થોડા કાર્ય માટે મોટો અનર્થ કરે ખરો? કદાપિ નહિ. સ્વયંકર્ત્તા જ્યારે કાર્યરૂપ થાય તો પછી અન્ય કર્ત્તા કોણ ગણાશે? તેવો પ્રશ્ન ઉદ્ભવે છે. તે કર્તા પણ કાર્યરૂપ થાય તો અનવસ્થા દૂષણ અનાયાસ ઉપસ્થિત થાય છે.

બીજા અવતારો પણ દેવની મહત્તા સૂચવતા નથી. ઉલટું અલ્પજ્ઞતા અને અવિવેકિતા સમજાવે છે. રાવણને મારવા રામનો અવતાર થયો. રાવણ સીતા મહાસતીનું હરણ કરી ગયો, રામચન્દ્રજી ઠેકાણે ઠેકાણે તપાસમાં નીકળ્યા, કથંચિત્ ખબર મળી, સૈન્ય એકઠું કરી રાવણને માર્યો ઇત્યાદિક વાતોથી સિદ્ધ થાય છે કે અવતાર ધારણ કરનાર દેવમાં સર્વજ્ઞતા હતી નહિ. હા, રામચન્દ્રજીએ વૈરાગ્ય પ્રાપ્ત કરી ચારિત્ર લીધું. ત્યારબાદ તપસ્યાવડે કર્મનો ક્ષય કરી કેવળી થયા. તે વાત જૈન સિદ્ધાન્ત અનુસાર ઠીક છે. અન્ય વાતો અવિવેકિતા સૂચવે છે.

કંસને મારવા કૃષ્ણાવતાર, બુદ્ધાવતારના કાર્યોને દૂર કરવા કલ્કી અવતાર થયો. અહીંઆં વાંચકે વિચાર કરવો જોઇએ કે બુદ્ધાવતારને શીતલ સ્વરૂપ માનેલ છે. તેણે મ્લેચ્છના મન્દિરો વધાર્યા એ વાત કેમ ઘટે? વળી એક અવતારે મ્લેચ્છોનાં મન્દિર વધાર્યા ત્યારે બીજો અવતાર થશે તે મ્લેચ્છોનો નાશ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરશે, તે પણ પરસ્પર વિરોધી વાત સમજાય છે. જો અવતારની વાત કલ્પિત ઠરે તો તમામ મહિમા કલ્પિત ઠરે. જો અવતારની વાત સાચી હોય તો ઇશ્વર થઇ પ્રાકૃત પુરૂષોની માફક દુઃખ પરંપરા વોરે છે તેમ માનવામાં કાંઇ હરકત નથી. જન્મ, જરા મરણાદિનાં દુઃખો દૂર કરવા ઇશ્વરનું સેવન, તેની ભકિત, તથા તેનાં વચનોપર વિશ્વાસ રાખી મનુષ્યો ધર્મધ્યાન કરે છે, તેજ ઇશ્વર જો જન્મ મરણાદિ દુઃખોથી પીડિત હોય તો અન્ય ભકતોનાં જન્મ મરણાદિ દુઃખો દૂર કરવા શકિતમાન થઈ શકે નહિ. જેનામાં રાગ, દ્વેષ, મોહ, અજ્ઞાનાદિ દુર્ગુણો નથી તે જન્મ મરણાદિ કલેશથી પીડિત નથી. તેનાં વચનોપર વિશ્વાસ રાખનાર જન્મ મરણાદિ કલેશોથી મુક્ત થઇ શકે છે. રાગ દ્વેષાદિ દૂષણોથી દૂષિત પુરૂષો જરૂર જન્મ ધારણ કરે છે. જન્મ મરણાદિ કરનાર ઇશ્વિર ગણાય નહિ. ઇશ્વર કોઇનું ભલું ભુંડું કરતો નથી. માત્ર કેવળજ્ઞાન સમયે જેવા ભાવ દેખે તેવા કથન કરે છે. જીવોને હિતકર ઉપદેશ કરે છે, તે પણ અતીત, અનાગત તીર્થંકરોથી ફારફેર નહિ. ફારફેર વાકયો તો અલ્પજ્ઞ, અવીતરાગ, અસર્વજ્ઞોનાં હોય છે, પરંતુ સર્વજ્ઞ સર્વદર્શી વીતરાગ ભગવાનનાં હોતાં નથી. કારણ કે તેમને ત્રિકાળનું જ્ઞાન હોય છે તેથી તમામ જિનવરો મુકિતનો માર્ગ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રનેજ બતાવે છે. તેના પર શ્રદ્ધા કરનાર સમ્યક્ત્વી બની નિયમિત કાળમાં મુકત થાય છે.

# ગ્રંથાવલોકન.

## ( શ્રી તત્વપ્રકાશ પાઠમાળા, ભાગ પહેલો. )

રચનાર—યતિવર્ય મનસુખલાલજી નેમચંદજી-જૈનમંદિર-ઠાણા.

આ બુક તેને પ્રસિદ્ધ કરવામાં સહાયક શેઠ કંકુચંદ મુળચંદ તરફથી અવલોકનાર્થે મળી છે. તેની અંદર ભાષાદોષ ને વ્યાકરણ દોષ તો ઘણા છે. પરંતુ તે કરતાં તેની અંદર આપેલા ૬૦ પાઠોની અંદર જે જે હકીકત જૈનશાસ્ત્ર વિરૂદ્ધ આવેલી છે તે ભદ્રિકજનો ભૂલાવામાં ન પડે તેટલા માટે લખવાની વધારે જરૂર છે. કારણ કે આ બુક ખાસ કરીને નવા વિદ્યાર્થી માટેજ લખવામાં આવેલી જણાય છે તેની અંદર તો એવી ભૂલ ન જ થવી જોઇએ કારણ કે લઘુ વયમાં જે સંસ્કાર પડે છે તે આગળ ઉપર ફેરવવા બહુ મુશ્કેલ પડી જાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧ પૃષ્ટ ૪ પંક્તિ ૩જીમાં સાતવ્યસન ગણાવતાં **પાપ** નામનું વ્યસન લખેલું છે તેને સ્થાનકે **પાપાર્દ્ધ** અથવા **શિકાર** જોઇએ.

૨ પૃષ્ટ ૪ પંક્તિ ૧૧ માં દશ પ્રાણ ગણાવતાં પ્રથમ **શરીર** લખેલ છે તેને ઠેકાણે **સ્પર્શેદ્રી** લખવી જોઇએ. આગળ પણ ઇંદ્રીઓ ગણાવતાં **સ્પર્શેદ્રીને** સ્થાને **શરીર** લખેલ છે તે ભૂલ છે.

૩ પૃષ્ટ ૫ પંક્તિ ૧૧ ત્રસની વ્યાખ્યામાં 'ત્રસ એટલે જે **ત્રાસને જાણે** એમ લખ્યું છે તેને બદલે 'ત્રાસ પામે' જોઇએ.

૪ પૃષ્ટ ૬ પંક્તિ ૬ પૃથ્વીકાયના ભેદ ગણાવતાં તેમાં **મોતી** ગણાવ્યા છે તે ભૂલ છે. મોતી છીપમાંથી નીકળે છે તે અજીવ છે.

૫ પૃષ્ટ ૬ પંક્તિ ૧૮ પૃથ્વીકાય જીવોનું આયુષ્ય કમમાં કમ **બેઘડી** લખ્યું છે તે ભૂલ છે. **અંતર્મુહૂર્ત** લખવું જોઇએ. એજ પ્રમાણે અપ્કાય તેઉકાય વિગેરેનું આયુષ્ય લખતાં પણ ભૂલો કરી છે.

૬ પૃષ્ટ ૭ પંક્તિ ૧ લી પૃથ્વીકાયના ચાર પ્રાણ ગણાવતાં શરીર, ઇંદ્રીય, એમ બે જુદા જુદા લખ્યા છે. તેથી પાંચપ્રાણ થાય છે. તેમાં વચ્ચે અલ્પ વિરામ મુકવાની ભૂલ થઈ ગણીએ તોપણ **શરીરઇંદ્રીયને** સ્થાને **સ્પર્શેદ્રી** લખવી જોઇએ. આમ આગળ ઉપર પણ તેજ જાતની ભૂલો કરી છે.

૭ પૃષ્ટ ૮ પંકિત ૧૧ અગ્નિકાયના ભેદ ગણાવતાં લખ્યું છે કે–" કેટલાંએક લાકડામાં અગ્નિ છે. જેવાં કે વાંસનાં લાકડાં, અરણીનાં લાકડાં તેમાં પણ અગ્નિ છે, કેટલાએક પથ્થરમાં પણ અગ્નિ રહે છે તેને ચકમકનો પથ્થર કહે છે. તે અગ્નિના એક તણખામાં અસંખ્યાતા જીવ છે." આમાં કાષ્ટને પથ્થર ગણાવ્યા છે તે ભૂલ કરી છે. તેમાં કાંઈ અગ્નિકાય જીવો છે નહિ. તેના ઘર્ષણાદિક સંયોગથી અગ્નિ ઉત્પન્ન થાય છે, પણ તેથી કાંઈ તે કાષ્ટ કે પાષાણ અગ્નિકાયના ભેદ તરીકે લખી કે કહી શકાય નહિ.

૮ પૃષ્ટ ૯ પંક્તિ ૧૬મીમાં વાયુકાય જીવોની વ્યાખ્યામાં લખ્યું છે કે "તે જીવને તમે **દેખો છો** છતાં હજી તમે તેને ઓળખતા નથી." આ લખવું ભૂલભરેલું છે. કારણકે વાયુકાય જીવો ચર્મચક્ષુને અગોચર હોવાથી તેને દેખો છો તેમ કહી શકાય જ નહિ. તેને સ્પર્શવડે અનુભવો છો એમ કહી શકાય.

૯ પૃષ્ટ ૧૦ પંક્તિ ૮મીમાં 'પવન બધા જીવોનું જીવન છે' એમ લખ્યું છે તે લખી શકાય નહિ. પવન જીવનને સહાયક છે. તેના વિના મુંઝાવાથી માણસ મરી જાય છે પરંતુ તેટલા ઉપરથી તેને બધા જીવોનું જીવન તરીકે જીવનું સ્વરૂપ ને ભેદો વિગેરે સમજાવતાં કહી શકાય નહિ, કેમકે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવન તો તેના ચારથી માંડીને દશ સુધી પ્રાણ છે તે કહી શકાય અથવા આયુ કહી શકાય.

૧૦ સાધારણ વનસ્પતિકાયના સ્વરૂપમાં નાની મોટી ઘણી ભૂલો કરેલી છે. તેનું સ્વરૂપ જે પ્રમાણે જીવવિચારાદિમાં કહ્યું છે તે પ્રમાણે જ કહેવું જોઇએ. કેટલાએક જૈનશૈલીના શબ્દો હોય તેજ લખવા જોઇએ, તેને બદલે બીજા શબ્દો લખવા જતાં ભૂલો થઈ જાય છે.

પૃષ્ઠ ૧૩ પંક્તિ ૬માં " જે જમીનના અંદરના ભાગમાં થાય છે તે કંદ મૂળ–અનંતકાય કહેવાય " એમ લખ્યું છે; પરંતુ અનંતકાય જમીનની બહાર પણ ઘણી જાતના થાય છે તેથી એ વ્યાખ્યા ખોટી છે.

પૃષ્ઠ ૧૩ પંક્તિ ૧૦મીમાં " એક બટાટું અગર એક ડુંગળી તે એક શરીર કહેવાય અને તેવા દરેક શરીરમાં અનંતા જીવ છે " એમ લખ્યું છે, પણ એક બટાટામાં તો અસંખ્યાતા શરીર છે ને તે દરેકમાં અનંતા જીવ છે તેથી લખેલ હકીકત ખોટી છે.

પૃષ્ઠ ૧૩ પંક્તિ ૧૬મીમાં ' વધારે દિવસે સુકાય તેમાં વધારે જીવ ' એમ લખ્યું છે, એવી વ્યાખ્યા કોઇ જગ્યાએ શાસ્ત્રમાં કરેલી નથી તેથી એવી સ્વકપોળ કલ્પિત વ્યાખ્યા કરી શકાય નહિ.

૧૧ પાઠ ૬–૭–૮માં વિકળેંદ્રિમાં કમમાં કમ આયુષ્ય **બે ઘડીનું** લખ્યું છે તે ભૂલ છે, તેનું જઘન્ય આયુષ્ય અંતર્મુહૂર્ત્તનું છે એટલે અસંખ્ય સમયનું છે, પણ તેનું પ્રમાણ એક શ્વાસોશ્વાસથી પણ ઓછું થાય છે કેમકે અંતર્મુહૂર્ત્તનો અર્થ બે ઘડીમાં કિંચિત્ ઓછા સુધીનો છે પણ તેના ભેદ અસંખ્યાતા છે.

૧૨ પૃષ્ઠ ૧૯ નારકીનું સ્થળ બતાવતાં ' મેરૂ પર્વતના મૂળમાં સંભૂતળા પૃથ્વી છે ' એમ લખ્યું છે એટલે શું ત્યાંજ સંભૂતળા પૃથ્વી છે, બીજે નથી? વળી ત્યારપછી દરેક નરકનું પ્રમાણ આપ્યું છે પણ તે પ્રમાણ દરેક નરકના જાડપણાનું છે. લંબાઈ પહોળાઈ તો અસંખ્યાત જોજન છે એમ લખવાની જરૂર હતી. તે વિના તેનું ખરૂં સ્વરૂપ લક્ષમાં આવી શકતું નથી.

૧૩ પંચેંદ્રીમાં પણ તિર્યંચ ને મનુષ્યનું આયુષ્ય જઘન્ય **બે ઘડીનું** લખ્યું છે તે ભૂલ છે. ત્યાં પણ **અંતર્મુહૂર્ત્ત** જ લખવું જોઇએ.

૧૪ ચાર મહા વિગય પૈકી માખણની સમજણ આપતાં પૃષ્ઠ ૩૬ ને અંતે ને ૩૭ના પ્રારંભમાં લખ્યું છે કે–તેને છાશમાંથી બહાર કાઢ્યા પછી બે ઘડીવાર સારૂં રહે છે–આ કથન મિથ્યા છે. છાશમાંથી બહાર કાઢ્યા પછી અંતર્મુહૂર્ત્ત તેમાં જીવોત્પત્તિ થાય છે એમ કહ્યું છે પણ તે અંતર્મુહૂર્ત્ત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બહુ નાનું હોવાથી તે અલક્ષ્ય જ છે. છાશથી બહાર કાઢ્યા પછી ખાતાં ખાતાં પણ અસંખ્ય સમય જતા હોવાથી માખણ ભક્ષ્ય છેજ નહીં. આ પાઠને અંતે છોકરાઓ કહે છે કે 'હવે અમે બે ઘડીવાર પછીનું માખણ કદિ ખાશું નહીં' આવી માન્યતા તદ્દન ભૂલભરેલી છે. તેવી માન્યતા થાય તો અભક્ષ્યનું ભક્ષણ પ્રવર્તે ને તેથી મહાપાપના ભાજન થવાય.

૧૫ પૃષ્ટ ૪૦ પંક્તિ ૧લીમાં લખે છે કે–'આવી રીતે આઇસક્રીમ બનાવવામાં **લાખો** એકેંદ્રીય જીવોનો નાશ થાય છે.' અહીં લાખો ને ઠેકાણે **અસંખ્ય** જીવો લખવા જોઇએ.

૧૬ પૃષ્ટ ૬૩ પંક્તિ બીજીમાં **અસંખ્ય** કીડીઓ લખી છે તે જૈનશૈલી પ્રમાણે લખી શકાય નહીં. વ્યવહારથી લોકો અસંખ્ય કહે પણ જૈનબુકમાં **અત્યંત** અથવા ઘણી લખાય.

૧૭ પૃષ્ટ ૬૩ ચળિતરસની વ્યાખ્યામાં લખ્યું છે કે 'મીઠાઇ વાશી ખવાય છે.' આમ ન લખાય–'વાસી મીઠાઇ કહેવાતીજ નથી.' એમ લખવું જોઇએ. તેમાં પણ જલેબી, હલઓ વિગેરે વાસીપણાથી દોષિત મીઠાઇ ખવાય નહીં.

૧૮ પૃષ્ટ ૬૬ પંક્તિ ૧૨મીમાં લખ્યું છે કે–'આટો ઘણા દિવસનો થઇ જાય તો તેમાં જાળાં બાઝે છે.' અહીં તેના કાળનું પ્રમાણ લખવું જોઇએ અને તેથી વધારે દિવસ થાય તો તેમાં જાળાં બાઝે છે એમ લખવું જોઇએ.

૧૯ પૃષ્ટ ૬૯ પંક્તિ ૧૧મીમાં 'જલેબી ને હલવો તો બનતા સુધી નહીં વાપરતાં' લખ્યું છે ત્યાં બનતા સુધી શબ્દ ન જોઇએ. તેમ લખવાથી છોકરાઓના મન ઉપર ખોટી અસર થાય છે.

૨૦ પૃષ્ટ ૭૩ પંક્તિ બીજીમાં વડી, પાપડ વિગેરે વસ્તુઓ માટે લખ્યું છે કે 'એવી વસ્તુ અશાડ શુદિ ૧૫ **સુધીમાં** ખાવી જ નહીં' ત્યાં અશાડ શુદિ ૧૫ **પછી** ખાવી નહીં એમ જોઇએ. ને ચોમાસાના ચાર માસનું પ્રમાણ લખવું જોઇએ.

૨૧ પૃષ્ટ ૮૨ પંક્તિ ૨જીમાં 'તલનું તેલ ચોમાસું બેઠા પહેલાં આઠ માસનું ભરી રાખવું' એમ લખ્યું છે. ત્યાં ફાગણ ચોમાસું લખવું જોઇએ. આગળ પંક્તિ ૬ઠીમાં લખ્યું છે કે–આઠ માસનું તેલ અશાડ શુદી ૧૫ પહેલાં લઈ લેવું. ત્યાં ફાગણ શુદી ૧૫ પહેલાં એમ લખવું જોઇએ.

૨૨ પૃષ્ટ ૮૩ ને અંતે અશાડ શુદ ૧૫ થી કારતક શુદ ૧૫ સુધી સુકો મેવો ન ખાવાનું લખી તેના નામો લખ્યા છે, તેમાંની કેટલીક ચીજો તો ફાગણ શુદ ૧૫ થી અભક્ષ્ય થાય છે તેથી તેના બે વિભાગ પાડીને લખવાની જરૂર હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૩ પૃષ્ટ ૮૭ પંક્તિ ૧૦મીમાં 'કણસલામાં **અસંખ્ય** બેઇંદ્રિય જીવો' લખ્યા છે તે **ઘણા** અથવા સંખ્યાબંધ લખવા જોઇએ.

૨૪ પૃષ્ટ ૧૧૫ પંક્તિ ૧૩મીમાં **અસ્તિપોષણકર્મ** લખ્યું છે તેમજ તે પૃષ્ટને અંતે પણ તેજ પ્રમાણે લખ્યું છે તે ભૂલ છે. ત્યાં **અસતિ** પોષણ કર્મ લખવું જોઇએ. આવી ભૂલ બીજે ચાલી જાય પણ અહીં તો અર્થનો અનર્થ થઇ જાય તેવું છે.

૨૫ પૃષ્ટ ૧૨૩ માં ચૂલો બુઝાવવા સંબંધી ઉત્તરમાં સળગેલાં લાકડા બહાર કાઢી તેની મેળે ઠરવા દેવાનું લખ્યું છે. ત્યાં રાખમાં ઢાંકી દઇને બુઝાવવાનું લખવું યોગ્ય હતું. કેમકે ખુલ્લા પડ્યા રાખવાથી તો અનેક ત્રસજીવોના વિનાશનું કારણ ઉત્પન્ન થાય છે.

૨૬ પૃષ્ટ ૧૩૧ ના પ્રાંત ભાગમાં ચાર શરણ લખ્યા છે ત્યાં બધે **શર્ણ** શબ્દ લખેલ છે તે અશુદ્ધ છે. શરણ લખવું જોઇએ.

૨૭ સમકિતના સડસઠ ભેદ પાઠ ૫૭ માં બતાવવામાં આવ્યા છે, તેમાં પૃષ્ટ ૧૩૫માં ચાર સદ્દહણા ને ત્રણ લિંગની ટુંકી વ્યાખ્યા આપી છે તે બરાબર નથી.

પૃષ્ટ ૧૩૬ માં ત્રણ શુદ્ધિમાં 'કાયશુદ્ધિ એટલે કાયાને શુદ્ધ રાખવી' એમ લખ્યું છે. આનો અર્થ બાળજીવો એમજ સમજે કે ન્હાઇ ધોઇને શરીર ચોખ્ખું રાખવું. પણ તેનો અર્થ એ નથી. તેનો અર્થ તો એ છે કે–' ખડ્ગાદિવડે છેદાતા ભેદાતા છતાં અને બંધનવડે પીડાતા છતાં પણ શ્રીજિનેશ્વર વિના બીજા દેવને ન નમવું તે કાયશુદ્ધિ સમજવી.'

પાંચ દૂષણોની વ્યાખ્યામાં કાંક્ષા દૂષણ એટલે 'અન્યધર્મીઓના વખાણ કરવાં તે.' આમ લખ્યું છે તે ખોટું છે. કાંક્ષા એટલે તો પરમતની અભિલાષા કરવી એ અર્થ છે. પાંચમા દૂષણમાં પાખંડીઓનો **ઘણો** પરિચય રાખવો તે. એમ લખ્યું છે તેમાં ઘણો શબ્દ વધારાનો છે તે લખવો ન જોઇએ.

પૃષ્ટ ૧૩૭ પાંચ લક્ષણની વ્યાખ્યામાં ત્રીજું લક્ષણ 'નિર્વેદ એટલે દુઃખથી વિરક્તપણું ચાહવું' એમ લખ્યું છે તે ઠીક નથી. નિર્વેદ એટલે સંસારરૂપી કારાગૃહને તજવાની દૃઢ બુદ્ધિ રાખવી એમ સમજવું.

પૃષ્ટ ૧૩૮ ૭ પ્રકારની યતનાની વ્યાખ્યા તદન ખોટી કરી છે. તેમાં લખ્યું છે કે–" ૧ જયણા વંદન–પરતીર્થીની સાથે વંદન કરવું તેમાં જતના રાખવી. ૨ નમન–નમસ્કાર કરવા–નમવું. તેમાં જતના રાખવી. ૩ પરતીર્થીની સાથે થોડું બોલતાં પણ જતના રાખવી. ૪ અનુપ્રદાન વારંવાર દાન આપવું તેમાં જતના રાખવી. ૫ આલાપ–તેઓને અન્નપાનાદિ આપતાં પણ જતના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાખવી. ૬ તેઓને ગંધ પુષ્પાદિક આપવાની જતના રાખવી. ” આ બધું શું લખ્યું છે? જતના રાખવી એનો અર્થ શું? આવું વિપરિત લખાણ વાંચનાર ભદ્રિક જીવોને ઘણું નુકશાન કારક છે. આ યતનાઓ તો નીચે પ્રમાણે છે.

૧–૨ અન્ય તીર્થીઓના દેવોનું તથા અન્યે ગૃહણ કરેલ અરિહંતની મૂર્ત્તિઓનું પણ **વંદન પૂજન** કરવું નહીં.

૩–૪ મિથ્યાત્વીઓની સાથે આલાપ સંલાપ કરવા નહીં. તેમને તમે કુશળ છો? એમ એકવાર પૂછવું તે **આલાપ** અને તે પ્રમાણે સ્નેહ-પૂર્વક વારંવાર પૂછવું તે **સંલાપ** એ બંને વર્જવા.

૫–૬ મિથ્યાત્વીઓને એકવાર અથવા વારંવાર અશનાદિક આપવું નહીં

આમાં વંદન, નમન, આલાપ, સંલાપ, દાન, અનુપ્રદાનનો ચોખો નિષેધ છતાં તેમાં જતના રાખવી એમ લખ્યું છે ને તેમાં પણ છઠ્ઠી તે ચોથી લખી છે. આલાપનો અર્થ ખોટો લખ્યો છે. ચોથી તો લખી જ નથી. પાંચમીના બે ભાગ પાડી પાંચમી છઠ્ઠી તરીકે લખી દીધી છે.

પૃષ્ઠ ૧૩૯ છ સ્થાનકની વ્યાખ્યામાં ‘ ૧ જીવ **સદાય** છે. ૨ જીવ નિત્ય છે. ’ આમ લખ્યું છે તે ભૂલ છે. પેલા સ્થાનમાં **સદાય** શબ્દ ન જોઇએ તે લખવાથી તો પેલું બીજું સ્થાન એકજ થઇ જાય છે.

૨૮ પાઠ ૫૮માં ચૌદ ગુણસ્થાનક એટલે ચૌદ પાહુડી ( પગથીઆ ) ની વ્યાખ્યા સમજાવતાં શ્યામ ને ઉજ્વળ વિગેરે જે કલ્પનાઓ બાળ જીવોને સમજાવવા કરી છે તે બરાબર નથી. એવી કલ્પનાઓ કરવાથી ગુણસ્થાનકનો ગંભીરાર્થ રહેતો નથી.

૨૯ પૃષ્ઠ ૧૪૬ની છેલ્લી પંક્તિમાં જંબુદ્વીપ જેવા બીજા **અનંત** દ્વીપો છે એમ લખ્યું છે તે ભૂલ છે ત્યાં **અસંખ્ય** દ્વીપો છે એમ લખવું જોઇએ.

૩૦ પૃષ્ઠ ૧૪૮ પાઠ ૬૦ મા માં કર્મભૂમિને અકર્મભૂમિની વ્યાખ્યામાં **જ** વધારો પડતો લખ્યો છે. ને પૃષ્ઠ ૧૪૪ માં મેરૂ પર્વતની આજુબાજુ હેમવય વિગેરે છ અકર્મભૂમિના ક્ષેત્ર છે એમ લખ્યું છે તે બરાબર નથી. ત્યાં એમ લખવાની જરૂર હતી કે “ મેરૂની દક્ષિણે ને ઉત્તરે તેને અડતાં દેવકુરૂ ને ઉત્તરકુરૂ નામના બે અકર્મભૂમિના ક્ષેત્ર છે. અને તેની બંને બાજુ પૂર્વ પશ્ચિમ જગતિના કોટસુધી લાંબા નિષધ ને નીલવંત નામના બે પર્વતો છે. તેની પછી રમ્યક ને હરિવર્ષ નામના બે યુગળિયાના ક્ષેત્રો છે. ને તેની પછી બંને બાજુ મહાહિમવંતને રૂકિમ નામના બે પૂર્વ પશ્ચિમ લાંબા પર્વતો છે. તેની પછી હિમવંત ને હૈરણ્યવંત નામના બે યુગળિયાના ક્ષેત્રો છે. ત્યારપછી ચુલહિમવંત ને શિખરી નામના બે પર્વત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. તેની બંને બાજુ બે બે થઇને કુલ આઠ દાઢાઓ લવણ સમુદ્રમાં નીકળી છે. તે દરેક દાઢા ઉપર સાત સાત અંતરદ્વીપો છે. કુલ ૫૬ અંતરદ્વીપો છે તે પણ અકર્મભૂમિ છે. ત્યાં પણ યુગળિયાજ રહે છે. તે બે પર્વત પછી દક્ષિણે ભરતક્ષેત્ર છે. કે જ્યાં આપણે રહીએ છીએ ને ઉત્તરે ઐરવતક્ષેત્ર છે." આ પ્રમાણે લખવાથી સ્પષ્ટતા થવા સાથે મેરૂની આજુબાજુ તેને લગતાજ છ અકર્મભૂમિ ક્ષેત્ર છે એમ સમજવા રૂપ ભૂલ ન થાત. અંતરદ્વીપો અકર્મભૂમિ છે એમ તો અંદર લખ્યુંજ નથી.

ઉપર પ્રમાણે સદરહુ નાની સરખી બુકનું અવલોકન લંબાણથી કરવામાં આવ્યું છે તેનું કારણ એ છે કે એમાંનો ઘણો ભાગ જિનવાણીથી વિપરિત લખાયેલો હોવાથી બાળ જીવોને હાનિ કરે તેવો છે. તે હવે પછી ત્રીજી આવૃત્તિ થાય તો સુધારવાની આવશ્યકતા છે.

સદરહુ બુકમાં વાસી, વીદળ, ચળિતરસ વિગેરે અભક્ષ્યોની સમજણ સારી આપી છે. ચળિતરસ માટે તો નવ પાઠ લખ્યા છે. તેમાં સારો પ્રયાસ કર્યો છે. હાલમાં વપરાતા સોડાવોટર, લેમોનેડ, બરફ, બીસ્કુટ વિગેરે પદાર્થોના અભક્ષ્યપણા માટે ઠીક સમજાવ્યું છે. કર્માદાનના વ્યાપારનું ત્યાજ્યપણું સારૂં સમજાવ્યું છે અને શ્રાવકાચાર ઉપર છ પાઠ લખ્યા છે તેમાં પણ ઘણી ઉપયોગી હકીકતો સમજાવી છે. એકંદર રીતે ઉપર જણાવેલી ભૂલો સુધારીને બુક વાંચવા લાયક છે.

આ અવલોકન બીજી આવૃત્તિ ઉપરથી કરવામાં આવ્યું છે. તેની પહેલી આવૃત્તિ જોવામાં આવી નથી. ભાઈ કંકુચંદ મુળચંદે પોતાની ઉદારતાનો ઉપયોગ આવા જ્ઞાનદાનના કાર્યમાં કર્યો છે તે યોગ્ય કર્યો છે ને બીજા શ્રીમંતોને અનુકરણ કરવા યોગ્ય છે.

બુકની કિંમત રાખવામાં આવી નથી. શેઠ કંકુચંદ મુળચંદને મુંબઇ. ચોપાટી પોસ્ટ નંબર. ૭ કરીને લખવાથી ભેટ તરીકે આપવામાં આવે છે.

આનો બીજો ભાગ પણ છપાવવાના છે એમ તેના લેખ ઉપરથી સમજાય છે તો તે પ્રથમથી જૈન મુનિમહારાજ કે જૈન શૈલીના સમજનાર વિદ્વાન શ્રાવકને વંચાવીને બહાર પાડવાની ભલામણ કરવામાં આવે છે. કદિ કોઇ વાંચી ને તપાસી આપનાર તરતમાં ન મળે ને વિલંબ કરવો પડે તો કરવો પણ એવા વિદ્વાનની છાપ લીધા શિવાય એકદમ છપાવીને બહાર પાડવાનું સાહસ કરવું નહીં. કારણકે એમ કરવાથી લાભને બદલે ઉલટી હાનિ થાય છે. આ હિતશિક્ષા માત્ર આ બુકને માટે નથી પણ નવી રચના ગદ્યમાં કે પદ્યમાં કરીને છપાવવા ઇચ્છનારા સર્વ જૈન બંધુઓ માટે છે. તેને ધ્યાનમાં લેવામાં આવશે તો સ્વપર કલ્યાણ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# वैराग्य शतक.

અનુસંધાન પૃષ્ટ ૧૧૯ થી.

હે જીવ! આવો ધર્મ પામ્યો છતાં જેથી ભવરૂપી કુવામાં પડીને ફરીથી દુઃખ ભોગવવું પડે એવો પ્રમાદ તું કેમ કરે છે? ૫૩.

હે જીવ! જૈન ધર્મ પામ્યો છતાં પ્રમાદ દોષથી તેં તેનું સેવન ન કર્યું તેથી હે! આત્માના વૈરી જીવ! આગળ ઉપર તારે ઘણો પશ્ચાતાપ કરવો પડશે. ૫૪.

પાપ અને પ્રમાદને વશ થઇ જેઓએ જૈનધર્મનું પાલન કર્યું નથી, તે બિચારા જીવો મરણ પાસે આવે ત્યારે ઘણા દિલગીર થાય છે. આ સંસારને ધિક્કાર હો, કે જેમાં દેવ મરીને તિર્યંચ થાય છે અને ચક્રવર્તી રાજા મરીને નરકાગ્નિમાં બળે છે. ૫૫.

ધન, ધાન્ય, આભૂષણ, ગૃહ અને સ્વજન કુટુંબને તજીને કર્મરૂપી પવનથી હણાયેલા વૃક્ષના પુષ્પની માફક જીવ અનાથ થઈ પરભવમાં જાય છે. ૫૬.

આ સંસારમાં પ્રયાણ કરતો જીવ પર્વતોમાં, ગુફામાં, સમુદ્રની મધ્યમાં અને ઝાડની ટોચે પણ રહેલો છે. ૫૭.

હે જીવ! તું કેટલીકવાર દેવ, કેટલીકવાર નારકી, કેટલીકવાર કીડો, કેટલીકવાર પતંગીયું, કેટલીકવાર મનુષ્ય, કેટલીકવાર રૂપવાન, કેટલીકવાર બેડોળ, કેટલીકવાર સુખી અને કેટલીકવાર દુઃખી થયો છે. ૫૮.

હે જીવ! તું કેટલીકવાર રાજા થયો, ભીખારી થયો, ચાંડાલ થયો, વેદ જાણનાર થયો, સ્વામી થયો, દાસ થયો, પૂજ્ય થયો, શઠ થયો, નિર્ધન થયો અને ધનવાન પણ થયો. ૫૯.

આમાં કાંઇ નિયમ નથી, પણ પોતાના કર્મની પ્રકૃતિ જેની જેવી ગતિ કરે તે પ્રમાણે જીવ અનેક અનેક વેષ ધારણ કરી નટની માફક વર્તે છે. ૬૦.

હે જીવ! નરકમાં તને અનંતવાર બહુ પ્રકારની, ઉપમા ન આપી શકાય તેવી અને દુઃખપૂર્ણ વેદના મળેલી છે. ૬૧,

દેવપણામાં અને મનુષ્યપણામાં પરતંત્રપણું પામીને અનંતવાર બહુ પ્રકારનું ભયંકર દુઃખ તેં અનુભવ્યું છે. ૬૨.

તિર્યંચ જાતિમાં ઉત્પન્ન થઇ અનેક પ્રકારની ભયંકર વેદના હે જીવ! તેં અનુભવી છે; જન્મ મરણની રેંટમાળમાં તું અનેક વાર ભમ્યો છે. ૬૩.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શરીર સંબંધી અથવા મન સંબંધી જેટલાં દુઃખ છે, તે આ જીવે આ સંસારરૂપી અરણ્યમાં અનંતીવાર અનુભવ્યાં છે. ૬૪.

આ સંસારમાં તારી એવી તૃષ્ણા અનંતવાર હતી કે જે તૃષ્ણા શાંત પમાડવાને સર્વ સમુદ્રોનાં જળ પણ પૂરતાં ન થઈ શકે. ૬૫.

આ સંસારમાં અનંતવાર તારી ભૂખ એવી હતી કે જે મટાડવાને સર્વ પુદ્ગલ ( જડ પદાર્થ ) સમૂહ પણ પુરતા નથી. ૬૬.

અનેક જન્મ મરણની પરંપરા કરીને મહા મહેનતે મનુષ્ય જન્મ મળેછે, ત્યારે જીવ પોતાનું ઇચ્છિત કાર્ય ( કલ્યાણ ) કરી શકે છે. ૬૭.

મનુષ્ય જન્મ બહુજ દુર્લભ છે, અને મનુષ્યત્વ વિજળીના ચમકારાની માફક ચપળ છે છતાં જે ધર્મને વિષે આળસુ રહેછે, તે કાયર પુરૂષ છે, પણ સત્પુરૂષ નથી. ૬૮.

સંસાર સમુદ્રના તટ રૂપ મનુષ્ય જન્મ પામીને, જેણે જિનેંદ્ર ભગવાને પ્રરૂપેલો ધર્મ નથી આચર્યો, તે પુરૂષ દોરી તૂટ્યે જેમ ધનુષ્યધારીને હાથ ઘસવા પડેછે, તેમ જરૂર હાથ ઘસે છે. ૬૯.

હે જીવ ! બરાબર શ્રવણ કર, ચંચળ સ્વભાવવાળા સઘળા બાહ્ય પદાર્થો તથા નવ પ્રકારના પરિગ્રહસમૂહને તારે મૂકવા પડશે. આ સંસારમાં આ સર્વ ઇંદ્રજાળ સમાન છે. ૭૦.

હે મૂર્ખ ! પિતા, પુત્ર, મિત્ર, સ્ત્રીવગેરેનો સમુદાય આ લોકનો સંબંધી છે, અને તે સર્વ પોતાનું સુખ મેળવવાના સ્વભાવવાળા છે, તું એકલોજ નરક તિર્યંચ વગેરેના દુઃખ સહન કરીશ, અને તે વખતે તારૂં કોઇ પણ રક્ષણ કરનાર નથી. ૭૧.

જેવી રીતે ઝાકળનું બિન્દુ કુશના અગ્ર ભાગ પર ઘણોજ થોડો વખત ટકી રહેછે, તેવીજ રીતે આ મનુષ્યોનું જીવિત છે. માટે **હે ગૌતમ ! એક સમય પણ તું પ્રમાદ કરીશ નહિ.** ૭૨.

**ભગવાન કહે છે કેઃ–**

બુઝો. ( બોધ પામો ! ) કેમ બુઝતા નથી ? ( બોધ પામતા નથી ? ) મરણ પછી આવું બોધીજ્ઞાન મળવું દુર્લભ છે. રાત્રિ દિવસ જે ગયા તે ફરી પાછા આવતા નથી. ફરીથી આવું જીવિત મળવું સુલભ નથી. હે બાલો ! હે વૃદ્ધો ! આંખ ઉઘાડીને જુઓ. ગર્ભમાં રહેલા જીવો પણ મરણ પામે છે. જેવી રીતે બાજપક્ષી ચકલીને મારેછે, તેમ આયુષ્ય પુરૂં થયે જીંદગી નાશ પામે છે. ૭૩. ૭૪.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્રણ ભુવનના મનુષ્યોને મરતા જોઇ જે પોતાના આત્માને કલ્યાણ માર્ગમાં જોડતો નથી, તેમજ પાપથી પાછો હડતો નથી, તેના નિર્લજપણાને ધિક્કાર થાઓ. ૭૧.

# खंभातमां दीक्षामहोत्सव.

અશાડ શુદિ ૧૩ શનીવારે શ્રી જુનાગઢ નિવાસી શ્રાવક **પ્રાણલાલ મંગળજી** જેઓ હાલમાં શ્રી પાલીતાણે બાબુસાહેબ માધવલાલજી દુગડની ધર્મશાળામાં મુનીમ હતા, તેમણે **પન્યાસજી શ્રી આણંદસાગરજી** પાસે ઘણા ઉજ્વળ ભાવથી ચારિત્ર ગ્રહણ કર્યું છે. તેમની વય હાલમાં ૨૯ વર્ષની છે. તેમણે સાત વર્ષથી ચતુર્થ વ્રત ગ્રહણ કરેલું હતું અને ચારિત્ર ગ્રહણ ન કરે ત્યાંસુધી સર્વ વનસ્પતિનો અને દુધવિગયનો સર્વથા ત્યાગ હતો. તેમને બે દીકરા છે, ત્રણ ભાઇઓ છે, સ્ત્રી છે, માતાપિતા છે, આ પ્રમાણે બહોળા કુટુંબી છતાં સર્વની પરવાનગી મેળવવાને તેઓ ભાગ્યશાળી થયા છે, તે આ કાળને અંગે આશ્ચર્ય જેવું થયું છે. તેમની સ્ત્રી તો દીક્ષા પ્રસંગ ઉપર ત્યાં હાજર હતી. તેણે બહુ જ સમતા દર્શાવી છે. આવા વૈરાગ્યવાન્ અને સંસારમાં સાત વર્ષ પર્યંત વિરક્ત વૃત્તિથી ટકી રહેનાર જીવો બહુ ઓછા દૃષ્ટિએ પડે છે. શરીરની વ્યાધિવાળી સ્થિતિમાં પણ તેમણે કોઈ પ્રકારની શિથિળતા જણાવી નથી. પોતાના નિયમમાં દૃઢપણે ટકી રહ્યા છે. દ્રવ્યઔષધ કરતાં ભાવઔષધ તરફજ વિશેષ લાગણી બતાવી છે અને પ્રાંતે ભાવઔષધ મેળવી તેમાં લીન થઇ ગયા છે. નામ **મુનિ પુણ્યસાગરજી** પાડ્યું છે. પાછળના કુટુંબીઓની ઉપાધિ માત્ર તજી દીધી છે. સુશ્રાવકોએ તે સંબંધની ચિંતા દૂર કરાવી છે. આવા ભાગ્યવાન્ જીવો ધાર્મિક સદ્ભાગ્યને માટે અનુમોદન યોગ્ય છે. એઓ અમારા વિશેષ પ્રસંગમાં આવેલા હોવાથી તેમના દીક્ષા પ્રસંગનો લાભ લેવા માટે ખંભાત જવું થયું હતું. એઓ ક્રિયારૂચી હોવા સાથે જ્ઞાનાભ્યાસમાં પણ સારા છે. કર્મગ્રંથ પર્યંત પ્રકરણોનો બોધ છે. લેખક પણ છે. અભક્ષ્ય અનંતકાય વિચારની શ્રાવક ભાઇઓને અત્યંત ઉપયોગી બુક એમણે લખેલ છે. તેની બે આવૃત્તિઓ થઈ છે. હવે જ્ઞાનાભ્યાસ વધારવાનું પ્રબળ સાધન પ્રાપ્ત થયું છે તેથી પોતાનો અભ્યાસ વધારી તેનો લાભ ઉપદેશદ્વારા તેમજ લેખોદ્વારા આપણને આપશે એવી આશા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## મેમ્બરના નામમાં સુધારો.

ગયા અંકમાં શા. રાયચંદ પ્રેમચંદ લખ્યા છે તે રાગચંદ ફતેચંદ સમજવા.

## ખુશી ખબર.

અમારી સભાના મેમ્બર મૂળ સુરતના પણ હાલ ભાવનગર નિવાસી શા. વ્રજલાલ દીપચંદ ડીસ્ટ્રીક્ટ પ્લીડરની પરીક્ષામાં પસાર થયા છે તેથી હર્ષ પ્રદર્શિત કરવામાં આવે છે. અને હવે પ્રમાણિકપણે કામ કરી સારી નામના મેળવશે એવી આશા રાખવામાં આવે છે.

## ગ્રંથ પ્રસિદ્ધમાં થયેલ વિલંબ.

અમે જે જાતિના કાગળો ગ્રંથોમાં વાપરીએ છીએ તે થઈ રહેવાથી અને મુંબઈમાં તેવા કાગળો ન મળવાથી ખાસ ઓર્ડર કરીને વિલાયતથી મંગાવવા પડ્યા તેથી તરતમાં બહાર પડવાના ગ્રંથોમાં બે ત્રણ મહીનાનો વિલંબ થઇ ગયો છે, હવે કાગળો આવ્યા છે તેથી જેમ બનશે તેમ તાકીદે બહાર પડશે. આટલો ખુલાસો કેટલાક મુનિરાજ તરફથી વારંવાર તાકીદના પત્રો આવવાથી કરવો પડ્યો છે.

## ખાસ ખરીદો ને લાભ લ્યો

અમારી સભા તરફથી પ્રગટ થયેલા ભાષાંતર વિગેરેના ગુજરાતી ભાષાના ગ્રંથો પૈકી નીચેના ખાસ ખરીદ કરવા લાયક છે. વાંચનારને આનંદ સાથે બોધ આપે તેવા છે.

| | | |
|---|---|---|
| ૧ | શ્રી ત્રિષષ્ટિશલાકા પુરૂષ ચરિત્ર ( પર્વ ૧થી ૧૦ ) ભાગ ૫ | ૮—૦—૦ |
| ૨ | શ્રી ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ ૫ | ૭—૮—૦ |
| ૩ | શ્રી ઉપદેશમાળા ભાષાંતર. | ૧—૮—૦ |
| ૪ | શ્રી ચરિત્રાવળી. ભાગ ૩ | ૩—૦—૦ |
| ૫ | શ્રી વિજયચંદ કેવળી ચરિત્ર ભાષાંતર | ૦—૬—૦ |
| ૬ | શ્રી પ્રબોધચિંતામણિ ભાષાંતર. | ૦—૬—૦ |
| ૭ | પ્રતિક્રમણના હેતુ. | ૦—૬—૦ |
| ૮ | શ્રી શત્રુંજય મહાત્મ્ય ભાષાંતર | ૨—૮—૦ |
| ૯ | શ્રી અધ્યાત્મ કલ્પદ્રુમ વિવેચન યુક્ત. | ૧—૪—૦ |
| ૧૦ | શ્રી ઉપમિતિ ભવપ્રપંચ પીઠબંધનું ભાષાંતર | ૦—૧૨—૦ |
| ૧૧ | શ્રી ગૌતમ કુળક બાળાવબોધ. | ૨—૮—૦ |
| ૧૨ | શ્રી જૈનધર્મ પ્રસારક સભાનો જ્યુબીલી અંક. | ૦—૧૨—૦ |
| ૧૩ | શ્રી યશોધર ચરિત્ર. | ૦—૬—૦ |
| ૧૪ | શ્રી રત્નશેખર રત્નવતી કથા | ૦—૪—૦ |
| ૧૫ | શ્રી જ્ઞાનસાર ભાષાંતર ( બીજાનું ) સસ્તી કિંમતે | ૦—૮—૦ |

આ ઉપરાંત બીજી બુકો સંબંધી બીજે પ્રસંગે લખશું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## છપાઇને બહાર પડેલ છે.

## શ્રી ઉપદેશ પ્રાસાદ ભાષાંતર. ભાગ ૧ લો.

### સ્થંભ ૧ થી ૪. વ્યાખ્યાન ૬૧.

આ ભાગ પ્રથમ બીજા જૈન બંધુ તરફથી અર્થ વિગેરેમાં ઘણીજ ભૂલોવાળો બહાર પડેલો, તે પણ હાલ બીલકુલ મળતો નથી. અમે તેનું શુધ્ધ ભાષાંતર કરાવી આધાર સુધારીને બહાર પાડેલ છે, તેની અંદર બતાવેલા શાસ્ત્રાધારો તમામ અર્થ સાથે દાખલ કરવામાં આવ્યા છે. આ પહેલા વિભાગમાં સમકિતના ૬૭ બોલ ઉપર તેમજ બીજી પણ તેને અનુસરતી પુષ્કળ કથાઓ છે. આઠ પ્રભાવકના દ્વાર ઉપરની તેમજ બીજી પણ કેટલીક કથાઓ તો બહુજ રસિક છે. સમકિતની શુધ્ધિના ઇચ્છકે આ ભાગ અવશ્ય વાંચવાલાયક છે. સામાન્ય બુધ્ધિવાળાને આ આખો ગ્રંથ પરમ ઉપકારી છે. આ ભાગની કિંમત રૂા. ૧–૮–૦ રાખવામાં આવી છે, પાકા અને સુંદર બાઈન્ડીંગથી બુકો બંધાવવામાં આવી છે.

આ આખા ગ્રંથનું ભાષાંતર કુલ પાંચ વિભાગ કરીને અમારા તરફથી બહાર પાડવામાં આવેલ છે. તેમાં ૩૬૧ વ્યાખ્યાન અને ૪૦૦ લગભગ કથાઓ છે. આખો ગ્રંથ મોક્ષાભિલાષી સરલ જીવોને ખાસ વાંચવાલાયક છે. બહુજ હિતકારક છે. પાંચે ભાગની જુદી જુદી કિંમત રૂા. ૮–૮–૦ થાય છે. પરંતુ પાંચે ભાગ એકઠા લેનાર માટે રૂા. ૭–૮–૦ રાખવામાં આવેલા છે. બહારગામવાળાએ પોસ્ટેજ જુદું સમજવાનું છે.

## અધ્યાત્મ કલ્પદ્રુમ ભાષાંતર.

### આવૃત્તિ બીજી. વિવેચન યુક્ત.

આ બુકની પહેલી આવૃત્તિ ટુંકી મુદતમાં ખપી જવાથી તેની બીજી આવૃત્તિ હાલમાં બહાર પાડવામાં આવી છે. કિંમત પ્રથમ પ્રમાણે રૂ ૧–૪–૦ જ રાખવામાં આવી છે. પોસ્ટેજ બહાર ગામવાળાને ચાર આના વધારે લાગે છે. આ આવૃત્તિમાં કેટલેક સુધારો કરવામાં આવ્યો છે. કાપડીઆ મોતીચંદ ગીરધરલાલ સોલીસીટરે આ વખત પણ એ બુક છપાવવામાં ઘણો પ્રયાસ કર્યો છે. ૭૮ ફારમની આ બુકની કિંમત બહુજ સ્વલ્પ રાખવામાં આવી છે. જૈન બંધુઓએ અને અન્ય વિદ્વાનોએ પણ પહેલી આવૃત્તિ વાંચીને એક અવાજે વખાણ કરેલાં છે. આત્મહિત ઇચ્છક જનોને ખાસ વાંચવાલાયક છે. ચિત્તવૃત્તિને સુધારનાર પરમ ઔષધ છે.

**મળવાનાં ઠેકાણાં.**

મુંબઈ. એન. એમ. ત્રીપાઠીની કું. પ્રીન્સેસ સ્ટ્રીટ
શા. મેઘજી હીરજી. પાયધુણી—મુંબઈ.
ભાવનગર. શ્રી જૈન ધર્મ પ્રસારક સભા.

## સભાની વર્ષગાંઠ.

શ્રાવણ સુદિ ૩ જે સભાની ૩૧ મી વર્ષગાંઠ હોવાથી તે દિવસે જિનભક્તિ સ્વામીવાત્સલ્યાદિ કરવામાં ભાગ લેવા માટે આ સભાના મેમ્બરોને આમંત્રણ કરવામાં આવ્યા છે. ભાવનગર નિવાસી તમામ સભાસદો એ શુભ પ્રસંગ ઉજવવા શ્રી વરતેજ મુકામે જવાના છે અને જિનભક્તિ વિગેરેમાં ભાગ લેવાના છે.

For Private And Personal Use Only